# કામકાજનો ટૂંકો અહેવાલ

## સાતમી ગુજરાત વિધાનસભા

### દસમું સત્ર

(તા. ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૮૯ થી તા. ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૮૯)

ગુજરાત વિધાનસભા સચિવાલય
વિઠલભાઈ પટેલ ભવન,
ગાંધીનગર.
૧૯૮૯.

सत्यमेव जयते

# કામકાજનો ટૂંકો અહેવાલ

## સાતમી ગુજરાત વિધાનસભા

## દસમું સત્ર

(તા. ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૮૯ થી તા. ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૮૯)

ગુજરાત વિધાનસભા સચિવાલય
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
ગાંધીનગર.
૧૯૮૯.

એચબી-૧૧૦૭(૧)

©

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

## પ્રસ્તાવના

આ પ્રકાશનમાં સાતમી ગુજરાત વિધાનસભાના દસમાં સત્ર (તા. ૧૮ મી સપ્ટેમ્બર, ૧૯૮૯ થી તા. ૨૯ મી સપ્ટેમ્બર, ૧૯૮૯) માં થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપવામાં આવી છે. શક્ય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે. આશા છે કે રસ ધરાવનાર સૌ કોઈને તે ઉપયોગી નીવડશે.

પુ. ના. ઠક્કર,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
ગાંધીનગર તા. — —૧૯૮૯.

31 JAN 1990

## અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | સાતમી ગુજરાત વિધાનસભાના દસમા સત્ર (તા. ૧૮ મી સપ્ટેમ્બર, ૧૯૮૯ થી તા. ૨૯ મી સપ્ટેમ્બર, ૧૯૮૯) માં થયેલ કામકાજનો ટૂંકો અહેવાલ. ... | ૧ |
| ૨. | પત્રક ક્રમાંક-૧, સત્રમાં થયેલા જુદા જુદા કામકાજે લીધેલ સમય અને તેની ટકાવારી ... | ૨૨ |
| ૩. | પત્ર ક્રમાંક—૨. ગૃહની બેઠકોની તારીખ અને સમય. ... | ૨૩ |
| ૪. | પત્રક ક્રમાંક-૩ સભ્યોએ વ્યક્તિગત રીતે આપેલી હાજરી ... | ૨૪ |
| ૫. | પત્રક ક્રમાંક-૪ સભ્યોની તારીખવાર હાજરી ... ... | ૩૦ |
| ૬. | પત્રક ક્રમાંક-૫. ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોનો નિકાલ (આંકડામાં) ... ... ... ... | ૩૧ |
| ૭. | પત્રક ક્રમાંક-૬. ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | ૩૪ |
| ૮. | પત્રક ક્રમાંક-૭. તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) ... | ૩૬ |
| ૯. | પત્રક ક્રમાંક-૮. અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) ... | ૩૮ |
| ૧૦. | પત્રક ક્રમાંક-૯ જુદા જુદા મંત્રીશ્રીઓના દાખલ થયેલા અને ગૃહમાં મૌખિક જવાબ અપાયેલ તારાંકિત પ્રશ્નોની તારીખવાર માહિતી (જૂથ-૧) ... | ૪૦ |
| ૧૧. | પત્રક ક્રમાંક-૧૦. જુદા જુદા મંત્રીશ્રીઓના દાખલ થયેલા અને ગૃહમાં મૌખિક જવાબ અપાયેલ તારાંકિત પ્રશ્નોની તારીખવાર માહિતી (જૂથ-૨) | ૪૧ |
| ૧૨. | પત્રક ક્રમાંક-૧૧. જુદા જુદા મંત્રીશ્રીઓના દાખલ થયેલા અને ગૃહમાં મૌખિક જવાબ અપાયેલ તારાંકિત પ્રશ્નોની તારીખવાર માહિતી (જૂથ-૩) | ૪૨ |
| ૧૩. | પત્રક ક્રમાંક-૧૨. જુદા જુદા મંત્રીશ્રીઓના દાખલ થયેલા અને ગૃહમાં મૌખિક જવાબ અપાયેલ તારાંકિત પ્રશ્નોની તારીખવાર માહિતી (જૂથ-૪) | ૪૩ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૪. | પત્રક ક્રમાંક-૧૩. જુદા જુદા મંત્રીશ્રીઓના દાખલ થયેલા અને ગૃહમાં મૌખિક જવાબ અપાયેલ તારાંકિત પ્રશ્નોની તારીખવાર માહિતી (જૂથ-૫) ... | ૪૪ |
| ૧૫. | પત્રક ક્રમાંક-૧૪. દાખલ કરવાના સરકારી વિધેયકો ... ... | ૪૫ |
| ૧૬. | પત્રક ક્રમાંક-૧૫. પહેલાં, બીજા અને ત્રીજા વાંચન માટેના સરકારી વિધેયકો | ૪૬ |
| ૧૭. | પત્રક ક્રમાંક-૧૬, સન ૧૯૮૯-૯૦ના વર્ષના ખર્ચના પૂરક પત્રકમાંની ચર્ચાયેલી માગણીઓ. ... ... ... ... | ૫૨ |
| ૧૮. | પત્રક ક્રમાંક-૧૭. સભા મોકૂફીના પ્રસ્તાવો. ... ... | ૫૪ |
| ૧૯. | પત્રક ક્રમાંક-૧૮ વૈધાનિક પ્રસ્તાવો (નિયમ-૧૦૦) ... ... | ૫૫ |
| ૨૦. | પત્રક ક્રમાંક-૧૯. વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો [નિયમ-૧૫૨ (૨)] ... | ૫૭ |
| ૨૧. | પત્રક ક્રમાંક-૨૦ વટહુકમ અને તે બહાર પાડવા અંગેના નિવેદનો. ... | ૫૯ |
| ૨૨. | પત્રક ક્રમાંક-૨૧. ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો. (નિયમ-૧૦૧) ... ... ... | ૬૦ |
| ૨૩. | પત્રક ક્રમાંક-૨૨. ટૂંક સમયની ચર્ચા (નિયમ-૧૧૨) ... ... | ૬૧ |
| ૨૪. | પત્રક ક્રમાંક-૨૩. ધ્યાન દોરતી સૂચનાઓ. (નિયમ-૧૧૬) ... | ૬૨ |
| ૨૫. | પત્રક ક્રમાંક-૨૪. દાખલ કરવાના બિન-સરકારી વિધેયકો. ... | ૬૪ |
| ૨૬. | પત્રક ક્રમાંક-૨૫, પહેલાં, બીજા અને ત્રીજા વાંચન માટેના (નિકાલ થયેલાં) બિન-સરકારી વિધેયકો. ... ... ... ... | ૬૮ |
| ૨૭. | પત્રક ક્રમાંક-૨૬. પહેલાં, બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહેલાં બિન-સરકારી વિધેયકો. ... ... ... ... | ૬૯ |
| ૨૮. | પત્રક ક્રમાંક-૨૭, બિન-સરકારી સંકલ્પો (નિયમ-૧૧૭) ... | ૭૪ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૨૯. | પત્રક ક્રમાંક-૨૮. વિધાનસભામાં પક્ષવાર સભ્ય સંખ્યા ... | ૭૫ |
| ૩૦. | પત્રક ક્રમાંક-૨૯ ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી ... ... ... ... ... | ૭૬ |
| ૩૧. | પત્રક ક્રમાંક-૩૦ રોજેરોજના કામકાજનો સારાંશ. ... ... | ૭૯ |
| ૩૨. | પત્રક ક્રમાંક-૩૧. વિધાનસભાની ચર્ચાઓમાં જુદા જુદા સભ્યોનો ફાળો | ૧૦૬ |
| ૩૩. | પત્રક ક્રમાંક-૩૨, શોકદર્શક ઉલ્લેખ ... ... ... | ૧૨૮ |
| ૩૪. | પત્રક ક્રમાંક-૩૩. વિભાજન ... ... ... | ૧૨૯ |

## સાતમી ગુજરાત વિધાનસભાના દસમાં સત્રમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

### પ્રારંભિક

૧. સાતમી ગુજરાત વિધાનસભાનું દસમું સત્ર સોમવાર તા. ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ શરૂ થયું હતું અને શુક્રવાર, તા. ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ રાજ્યપાલશ્રીના આદેશથી સમાપ્ત થયું હતું. સત્ર દરમિયાન વિધાનસભા કુલ ૧૦ દિવસ મળી હતી અને તેમાં ૧૦ બેઠકો થઈ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ ૪૦ કલાક અને ૨૨ મિનિટ કામ કર્યું હતું. સત્ર દરમિયાન જુદાં જુદાં કામકાજ જેવાં કે પ્રશ્નોત્તરી, સરકારી વિધેયકો, બિન-સરકારી વિધેયકો, નાણાકીય કામકાજ વગેરેમાં કેટલો સમય ગયો હતો તે અને તેની ટકાવારી પત્રક ક્રમાંક-૧ માં આપવામાં આવી છે.

### ગૃહની બેઠકોની તારીખો અને સમય

૨. ગૃહની બેઠકોની તારીખ અને સમય પત્રક ક્રમાંક-૨ માં આપવામાં આવ્યાં છે.

### હાજરી

૩. સત્ર દરમિયાન એક દિવસમાં વધારેમાં વધારે હાજરી ૧૪૩ હતી અને ઓછામાં ઓછી હાજરી ૧૩૨ હતી. સરેરાશ હાજરી ૮૮ ટકા હતી. દરેક સભ્યે કેટલી બેઠકોમાં હાજરી આપી તે પત્રક ક્રમાંક-૩ માં તથા દરેક બેઠકમાં કેટલા સભ્યોએ હાજરી આપી તે પત્રક ક્રમાંક-૪માં દર્શાવવામાં આવી છે.

### ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નો.

૪. સત્ર દરમિયાન ૨૧ ટૂંકી મુદતના, ૧૪૧૮ તારાંકિત અને ૮૦૪ અતારાંકિત પ્રશ્નોની સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો વિભાગવાર નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તેની માહિતી પત્રક ૫, ૬, ૭ અને ૮ માં આપવામાં આવી છે. તેમજ તારાંકિત પ્રશ્નોની કયા મંત્રીશ્રી માટે કેટલી સૂચનાઓ દાખલ કરવામાં આવી અને તેમાંથી જે તે મંત્રીશ્રીના ગૃહમાં કેટલા પ્રશ્નો ચર્ચાયા તેની માહિતી પત્રક ક્રમાંક ૯, ૧૦, ૧૧, ૧૨ અને ૧૩ માં આપવામાં આવી છે

### સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટેનો વિગતવાર કાર્યક્રમ

સત્ર દરમ્યાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટે તા. ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૮૯થી તા. ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૮૯ સુધીનો કુલ દસ દિવસનો કાર્યક્રમ ઘડવામાં આવ્યો હતો. પરંતુ તા. ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ શોકદર્શક ઉલ્લેખો બાદ ગૃહનું કામકાજ મુલતવી રહ્યું હોવાથી ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૮ અન્વયે તે દિવસના તારાંકિત પ્રશ્નો અને તેના જવાબોને સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા "લેખિત જવાબો" ગણવામાં આવ્યા હતા. આમ કુલ દસ દિવસની તારાંકિત પ્રશ્નોત્તરી હાથ ધરવામાં આવી હતી.

અતારાંકિત પ્રશ્નોની મળેલી ૮૦૪ સૂચનાઓમાં નવમું સત્ર પૂરું થયા પછી એટલે કે તા. ૧૯મી એપ્રિલ, ૧૯૮૯થી દસમાં સત્રનો છેલ્લો દિવસ એટલે કે તા. ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૮૯ સુધીની મળેલી સૂચનાઓનો સમાવેશ થાય છે. અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની ૫૦ (પચાસ)ની એક એવી ૭(સાત) યાદીઓ ગૃહમાં રજૂ કરવામાં આવી હતી. સત્ર દરમ્યાન કુલ ૩૯૯ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગૃહમાં રજૂ કરવામાં આવ્યા હતા. આમાં નિયમ-૮૭-ક અન્વયે સત્રના છેલ્લા દિવસે સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલ ૪૯ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોનો સમાવેશ થાય છે.

પ્રશ્નોત્તરીને લગતી કેટલીક અગત્યની માહિતી નીચે મુજબ છે:—

(૧) ગૃહમાં કુલ દસ દિવસની બેઠકમાં દસ દિવસ પ્રશ્નોત્તરી સભાગૃહમાં રજૂ થઈ હતી.

(૨) સત્ર દરમ્યાન ત્રણ ટૂંકી મુદતના પ્રશ્નો ગૃહમાં રજૂ થયા હતા અને તે ત્રણેય ચર્ચાયા હતા.

(૩) સત્ર દરમ્યાન કુલ ૬૫૧ તારાંકિત પ્રશ્નો ગૃહમાં રજૂ કરવામાં આવ્યા હતા પરંતુ તા. ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ અગ્રતાક્રમ-૪ ઉપરનો તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૩૨૨૨૪ સભ્યશ્રીએ પૂછયો ન હોવાથી કુલ ૬૫૦ પ્રશ્નો ગૃહમાં રજૂ થયા હતા. જેમાંથી ૮૧ પ્રશ્નોના મૌખિક જવાબો આપવામાં આવ્યા હતા.

(૪) સત્ર દરમ્યાન તારાંકિત પ્રશ્નોની કુલ દસ યાદીઓમાંથી તા. ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૮૯ની યાદીમાં ઓછામાં ઓછા ૪૦ પ્રશ્નો અને તા. ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૮૯ની યાદીમાં વધુમાં વધુ ૯૦ પ્રશ્નો હતા.

### અરધા કલાકની ચર્ચા

૫. સત્ર દરમ્યાન નિયમ-૯૨ હેઠળની અરધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરવાની ૧ (એક) સૂચના મળી હતી. જે નામંજૂર કરવામાં આવી હતી.

### સરકારી વિધેયકો

૬. **દાખલ કરવાના સરકારી વિધેયકો.**—સત્ર દરમિયાન કુલ ૭ સરકારી વિધેયકો સભાગૃહમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક-૧૪)

૭. **પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના સરકારી વિધેયકો.**—સત્ર દરમિયાન પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના કુલ ૧૮ સરકારી વિધેયકો હતાં. તે પૈકી સન ૧૯૮૯ના

વિધેયક ક્રમાંક ૧૨, ૨૯, ૩૦, ૩૧, ૩૩ તથા ૪૩ આમ કુલ ૬ વિધેયકો પસાર કરવામાં આવ્યાં હતાં. સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૨૮ પ્રવર સમિતિને સોંપવામાં આવ્યું હતું. જ્યારે ૧૧ વિધેયકો સમયના અભાવે હાથ ધરી શકાયાં ન હતાં. (જુઓ પત્રક ક્રમાંક-૧૫).

## પ્રવર સમિતિને સોંપવામાં આવેલ વિધેયક

૮. સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૨૮ સન ૧૯૮૯નું ગુજરાત સિંચાઈ અને ડ્રેનેજ-વિધેયક તા. ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ નીચે જણાવેલ સભ્યોની બનેલી પ્રવર સમિતિને તા. ૩૦મી માર્ચ, ૧૯૯૦ પહેલાં પોતાનો અહેવાલ રજૂ કરવાની સૂચના સાથે સોંપવામાં આવ્યું હતું.

૧. શ્રી મહંત વિજયદાસજી, જળસંપત્તિ મંત્રીશ્રી, સમિતિના પ્રમુખશ્રી,

૨. શ્રી નલિનભાઈ પટેલ, સંસદીય બાબતોના મંત્રીશ્રી,

૩. શ્રી ચીમનભાઈ પટેલ, વિરોધ પક્ષના નેતાશ્રી,

૪. શ્રી સુરેશભાઈ સા. મહેતા,

૫. શ્રી ઉદેસિંહ દરબાર,

૬. શ્રી લખાભાઈ બ. પટેલ,

૭. શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર,

૮. શ્રી અમરશીભાઈ રા. પટેલ,

૯. શ્રીમતી કુસુમબેન ખંભોળજા,

૧૦. શ્રી કરમશીભાઈ મકવાણા,

૧૧. શ્રી પ્રભાતસિંહ હા. ચૌહાણ,

૧૨. શ્રી દિલીપભાઈ ન. સંઘાણી

## પસાર થયેલાં સરકારી વિધેયકો અને તેનું વિષયવાર વર્ગીકરણ.

૯. વિધેયકોનું વર્ગીકરણ

| | | | |
|---|---|---|---|
| (૧) | મુંબઈ રાજ્યના અમલી કાયદાને સુધારતાં વિધેયકો | ... | ૧ |
| (૨) | ગુજરાત રાજ્ય અમલી કાયદાને સુધારતાં વિધેયકો | ... | ૪ |
| (૩) | મૂળ વિધેયકો ... ... ... | ... | ૧ |
| | કુલ | ... | ૬ |

૧૦. વિષયવાર વર્ગીકરણ.

| | | |
|---|---|---|
| (૧) | નાણાકીય બાબતો અને કરવેરાને લગતાં વિધેયકો ... | ૨ |
| (૨) | સ્થાનિક સ્વરાજની સંસ્થાને લગતાં વિધેયકો ... ... | ૨ |
| (૩) | અન્ય વિધેયકો ... ... ... | ૨ |
| | કુલ ... | ૬ |

### વટ હુકમોનું સ્થાન લેતાં વિધેયકો

૧૧. સત્ર દરમિયાન મેજ ઉપર મૂકવામાં આવેલા વટહુકમો પૈકી વટહુકમ ક્રમાંક-૧, ૩ અને ૪નું સ્થાન લેતાં સન ૧૯૮૯ના વિધેયક ક્રમાંક-૨૯, ૩૦ અને ૩૧ પસાર કરવામાં આવ્યાં હતાં, જ્યારે સન ૧૯૮૯ના વટહુકમ ક્રમાંક-૨ નું સ્થાન લેતું સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૨૮ પ્રવર સમિતિને સોંપવામાં આવ્યું હતું.

### વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા રાષ્ટ્રપતિ/રાજ્યપાલશ્રીની અનુમતીવાળા વિધેયકો.

૧૨. સત્ર દરમિયાન રાષ્ટ્રપતિ/રાજ્યપાલશ્રીની અનુમતિવાળાં નીચેનાં વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યાં હતાં.

| અ.નં.<br>૧ | વિધેયકનો નંબર અને ટૂંકી સંજ્ઞા<br>૨ | કોની અનુમતિ મળી<br>૩ | મેજ ઉપર મૂકયા તારીખ<br>૪ |
|---|---|---|---|
| ૧. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક ૨૦ સન ૧૯૮૯નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક | રાજ્યપાલશ્રી | ૨૧-૯-૮૯ |
| ૨. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૨૩ સન ૧૯૮૯નું ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક. | રાજ્યપાલશ્રી | ૨૧-૯-૮૯ |
| ૩. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૨૪ સન ૧૯૮૯નું ગુજરાત વેચાણવેરા (દ્વિતીય સુધારા) વિધેયક. | રાજ્યપાલશ્રી | ૨૧-૯-૮૯ |
| ૪. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૨૫ સન ૧૯૮૯નું મુંબઈ જમીન મહેસુલ (ગુજરાત સુધારા) વિધેયક. | રાજ્યપાલશ્રી | ૨૧-૯-૮૯ |
| ૫. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૨૬ સન ૧૯૮૯નું ગુજરાત વિનિયોગ વિધેયક. | રાજ્યપાલશ્રી | ૨૧-૯-૮૯ |
| ૬. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૨૭ સન ૧૯૮૯નું ગુજરાત વિનિયોગ (વધારાનાં ખર્ચ) વિધેયક. | રાજ્યપાલશ્રી | ૨૧-૯-૮૯ |

નાણાકીય કામકાજ

ખર્ચનું પૂરક પત્રક.

૧૩. (ક) રજૂઆત :—સન ૧૯૮૯-૯૦ના વર્ષ માટેનું રૂા. ૧,૪૨,૩૭,૦૫,૦૦૦/-નું ખર્ચનું પૂરક પત્રક મંગળવાર તા. ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં મતપાત્ર રકમ રૂા. ૧,૩૭,૮૧,૫૭,૦૦૦/- અને બિન મતપાત્ર રકમ રૂા. ૪,૫૫,૪૮,૦૦૦/- હતી.

(ખ) પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન.:—પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન તા. ૨૫મી સપ્ટેમ્બર ૧૯૮૯ અને ૨૬મી સપ્ટેમ્બર ૧૯૮૯ એમ કુલ ૨ દિવસોએ થયું હતું. પૂરક પત્રકમાં સમાવિષ્ટ કુલ ૪૭ માગણીઓ પૈકી બિનમતપાત્ર સિવાયની ૪૧ માગણીઓ સભાગૃહમાં મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી, તેમાંથી ૧૫ માગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી. રજૂ થયેલી બધી મતપાત્ર માગણીઓ સભાગૃહે પસાર કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૧૬) ત્યારબાદ ગુરૂવાર, તા. ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૮૯ ના રોજ ગુજરાત પૂરક વિનિયોગ વિધેયક પસાર કરવામાં આવ્યું હતું.

(ગ) કાપ દરખાસ્તો :—પૂરક માગણીઓ ઉપર કુલ ૧૨૦ કામદરખાસ્તો આવી હતી. તેમાંથી કુલ ૧૧૦ કાપ દરખાસ્તો દાખલ કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી ૧૧૦ કાપદરખાસ્તો પૈકી સરખા વિષયની કાપ દરખાસ્તોની સુચનાઓમાં સભ્યોનાં નામ જોડતાં કુલ ૩૭ કાપદરખાસ્તોની એકત્રિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો બાકીની ૧૦ કાપદરખાસ્તો નામંજૂર કરવામાં આવી હતી. ચર્ચાને અંતે તા. ૨૫મી સપ્ટેમ્બર ૧૯૮૯ અને ૨૬મી સપ્ટેમ્બર ૧૯૮૯ ના રોજ રજૂ થયેલી કાપદરખાસ્તોનો સભાગૃહે અસ્વીકાર કર્યો હતો અને બધી જ પૂરક માગણીઓ સભાગૃહે પસાર કરી હતી.

## સભા મોકૂફીનો પ્રસ્તાવ (નિયમ-૧૦૮)

૧૪. સત્ર દરમિયાન તાકીદની જાહેર અગત્યની બાબત પર ચર્ચા કરવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૮ હેઠળ સભામોકુફીના પ્રસ્તાવની એક જ વિષયને લગતી ત્રણ સૂચનાઓ મળી હતી જેને એકત્રિત ( club ) કરીને સભાગૃહમાં રજૂ કરવા ગૃહની અનુમતિ માગવા માટે માન. અધ્યક્ષશ્રીએ સંમતિ આપી હતી. તા. ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૮૯ ના રોજ પ્રસ્તાવના પ્રભારી સભ્યશ્રી ચીમનભાઈ પટેલે પ્રસ્તાવ રજુ કરવા માટે સભાગૃહની પરવાનગી માગી હતી. સભ્યશ્રીને ગૃહની અનુમતિ મળતાં તે જ દિવસે બપોરે ૩-૧૫ કલાકે તેના પર ચર્ચા હાથ ધરવામાં આવી હતી, ચર્ચાને અંતે પ્રસ્તાવનો અસ્વીકાર થયો હતો (જુઓ પત્રક ક્રમાંક-૧૭).

## વૈધાનિક પ્રસ્તાવો (નિયમ-૧૦૦)

૧૫. સત્ર દરમિયાન નિયમ-૧૦૦ હેઠળના વૈધાનિક પ્રસ્તાવની એક પણ સૂચના મળી ન હતી. અગાઉના સત્ર દરમિયાન હાથ ધરી ન શકાયેલ પ્રસ્તાવો પૈકી પણ કોઈ પ્રસ્તાવ સમયના અભાવે સભાગૃહમાં હાથ ધરી શકાયો ન હતો. પરિણામે પાંચેય પ્રસ્તાવો બાકી રહ્યા હતા (જુઓ પત્રક ક્રમાંક-૧૮).

## વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો (નિયમ–૧૧૨ (૨) )

૧૬. સન ૧૯૮૯ના વટહુકમ ક્રમાંક-૧ થી ૪ ને નામંજૂર કરવા માટેના પ્રસ્તાવોની કુલ ૧૧ સૂચનાઓ મળી હતી, જે પૈકી ૩ સૂચનાઓ માન. અધ્યક્ષશ્રીએ નામંજૂર કરી હતી, અને ૧૨ સૂચનાઓ દાખલ કરી હતી. આ પ્રસ્તાવો પરની ચર્ચા અને તેના પરિણામો માટે (જુઓ પત્રક ક્રમાંક–૧૯).

## વટહુકમો અને તે બહાર પાડવા અંગેના નિવેદનો

૧૭. સત્ર દરમિયાન સન ૧૯૮૯ના વટહુકમ ક્રમાંક-૧ થી ૪ અને આ વટહુકમો બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતાં નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક–૨૦).

## ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ–૧૦૧)

૧૮. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૧ હેઠળ જેની ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવની કુલ ૬ સૂચનાઓ મળી હતી જે બધી જ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. આ સૂચનાઓ પૈકી જળસંપત્તિ મંત્રીશ્રી મહંત વિજયદાસજીના 'સરદાર સરોવર યોજના' ઝડપથી પૂરી કરવા અને અવરોધક પરિબળોને વખોડવા અંગેના પ્રસ્તાવને કામકાજ સલાહકાર સમિતિએ તા. ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ ચર્ચા માટે સમય ફાળવ્યો હતો. બીજી બે સૂચનાઓને પણ અનુક્રમે તા. ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૮૯ અને ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ ચર્ચા માટે સમય ફાળવ્યો હતો. બાકીની ત્રણ સૂચનાઓ સમયના અભાવે ચર્ચા માટે હાથ ધરી શકાઈ ન હતી (જુઓ પત્રક ક્રમાંક–૨૧).

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)

૧૯. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવાની ઇચ્છા વ્યકત કરતી કુલ ૩૩ સૂચનાઓ આવી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓના નામોનું બેલટ તા. ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ યોજવામાં આવ્યું હતું. બેલટમાં જેમને અગ્રતા મળી હતી તે સભ્યશ્રી બાબુભાઈ વાસણવાળાએ "જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવમાં થયેલા વધારા અંગે "ના પ્રસ્તાવની સૂચના આપી હતી, જે દાખલ કરવામાં આવી હતી. આ પ્રસ્તાવ પર તા. ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૮૯ ના રોજ ચર્ચા થઈ હતી.

## ટૂંક સમયની ચર્ચા (નિયમ–૧૧૨)

૨૦. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૧૨ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની કુલ ૪ સૂચનાઓ મળી હતી, જે પૈકી એક જ વિષયને લગતી બે સૂચના એકત્રિત કરીને દાખલ કરવામાં આવી હતી. બાકીની બે સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી સૂચના સમયના અભાવે સભાગૃહમાં ચર્ચા માટે હાથ ધરી શકાઈ ન હતી. (જુઓ પત્રક ક્રમાંક–૨૨).

## ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬)

૨૧. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોરતી કુલ ૪૯ સૂચનાઓ આવી હતી, જેમાંથી ૩૪ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. બાકીની ૧૫ સૂચનાઓ પૈકી સરખા વિષયની સૂચનાઓમાં સભ્યશ્રીઓનાં નામ જોડતા કુલ ૮ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. ૨ કિસ્સામાં સભાગૃહની કાર્યવાહી થઈ શકી ન હોવાથી બે સૂચનાઓ અંગે નિવેદન થઈ શક્યાં ન હતાં, જ્યારે બાકીની ૬ સૂચનાઓ સંબંધે લાગતાવળગતા મંત્રીશ્રીઓએ સભાગૃહમાં નિવેદનો કર્યાં હતાં. (જુઓ પત્રક-૨૩).

અધ્યક્ષશ્રીની અગાઉથી અનુમતિ મેળવીને સભ્યશ્રીઓએ સભાગૃહમાં ૧૨ મુદ્દા ઉપસ્થિત કર્યા હતા, જે અંગે સંબંધિત મંત્રીશ્રીઓએ મૌખિક નિવેદનો કર્યાં હતાં.

## જાહેર અગત્યની બાબતો પર મંત્રીશ્રીઓના નિવેદનો (નિયમ-૪૪)

૨૨. સત્ર દરમિયાન ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ હેઠળ જાહેર અગત્યની બાબતો પર સંબંધિત મંત્રીશ્રીઓએ સભાગૃહમાં નીચે મુજબ કુલ ૩ નિવેદનો કર્યાં હતાં.

| અ.નં. | નિવેદનનો વિષય (ટૂંકમાં) | નિવેદન કરનાર મંત્રીશ્રીનું નામ | નિવેદન કર્યા તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ગુજરાત ચર્મોદ્યોગ વિકાસ નિગમની રચના અંગે. | શ્રી મનુભાઈ પરમાર (કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી) | ૨૧-૯-૮૯ |
| ૨ | શેરડી કાપણીના છૂટક કામદારો માટે કામના દર નિયત કરવા અંગે. | શ્રી મનુભાઈ પરમાર (શ્રમ મંત્રીશ્રી) | ૨૫-૯-૮૯ |
| ૩ | જુનિયર ડૉક્ટર એસોસીએશનની માગણીઓના સંદર્ભમાં થયેલ સમાધાન અંગે. | શ્રી વલ્લભભાઈ પટેલ (આરોગ્ય મંત્રીશ્રી) | ૨૭-૯-૮૯ |

## બિન સરકારી વિધેયકો

૨૩. દાખલ કરવાનાં બિન-સરકારી વિધેયકો.—સત્ર દરમિયાન ૧૬ બિન સરકારી વિધેયકો દાખલ કરવાનાં હતાં. જે પૈકી ૯ વિધેયકો તા. ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ તથા ૫ વિધેયકો તા. ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ સભાગૃહમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. ૨ વિધેયકો સભ્યશ્રીની ગેરહાજરીને કારણે દાખલ કરી શકાયાં ન હતાં. (જુઓ પત્રક ક્રમાંક-૨૪).

૨૪. **પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન-સરકારી વિધેયકો.**—સાતમી ગુજરાત વિધાનસભાના નવમા સત્રના અંતે નિકાલ માટે બાકી રહેલા ૧૮ બિન-સરકારી વિધેયકો અને દશમા સત્રમાં દાખલ કરવામાં આવેલા ૧૪ બિન-સરકારી વિધેયકો સહિત કુલ ૩૨ બિન સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાનાં હતાં, તે પૈકી ચર્ચા માટે હાથ ધરવામાં આવેલાં ૩ બિન-સરકારી વિધેયકો ચર્ચાને અંતે સભાગૃહની અનુમતિથી પાછા ખેંચી લેવામાં આવ્યાં હતાં (જુઓ પત્રક ક્રમાંક-૨૫) અને સત્રના અંતે ૨૯ બિન-સરકારી વિધેયકો વિચારણા માટે બાકી રહ્યાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક-૨૬).

### દાખલ થયેલાં બિન-સરકારી વિધેયકો અને તેનું વર્ગીકરણ

૨૫. વિધેયકનું વર્ગીકરણ

| | |
|---|---|
| (૧) મૂળ વિધેયકો | ૪ |
| (૨) કેન્દ્ર સરકારના અમલી કાયદાને સુધારતા વિધેયકો | ૪ |
| (૩) ગુજરાત રાજ્યના અમલી કાયદાને સુધારતા વિધેયકો | ૬ |
| કુલ | ૧૪ |

૨૬. વિષયવાર વર્ગીકરણ

| | |
|---|---|
| (૧) સહકારને લગતાં વિધેયકો | ૨ |
| (૨) સ્થાનિક સ્વરાજની સંસ્થાને લગતાં વિધેયકો | ૩ |
| (૩) ન્યાયતંત્રને લગતાં વિધેયકો | ૪ |
| (૪) જાહેર સાહસને લગતું વિધેયક | ૧ |
| (૫) રાજભાષાને લગતું વિધેયક | ૧ |
| (૬) જાહેર સેવા આયોગને લગતું વિધેયક | ૧ |
| (૭) સામાજિક કલ્યાણને લગતાં વિધેયકો | ૨ |
| કુલ... | ૧૪ |

### બિન-સરકારી સંકલ્પો (નિયમ–૧૧૭)

૨૭. બિન-સરકારી સંકલ્પોની ચર્ચા માટે તા. ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૮૯નો એક જ દિવસ ફાળવવામાં આવ્યો હતો.

આ દિવસ માટે બિન-સરકારી સંકલ્પો રજૂ કરવાની ઇચ્છા વ્યક્ત કરતી કુલ ૩૬ સૂચનાઓ આવી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓના નામોનું બેલટ તા. ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ યોજવામાં આવ્યું હતું.

બેલટમાં આવેલા ત્રણ સભ્યશ્રીઓએ સંકલ્પની એક એક સૂચના આપી હતી. જે બધી દાખલ કરવામાં આવી હતી (સંકલ્પોની ચર્ચા અને તેના પરિણામોની વિગત માટે જુઓ પત્રક ક્રમાંક-૨૭).

### ઔચિત્યભંગનો મુદ્દો

૨૮. સત્ર દરમિયાન તા. ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ સભ્યશ્રી અશોક ભટ્ટે સભાગૃહમાં ઔચિત્યભંગનો મુદ્દો ઉપસ્થિત કરીને જણાવ્યું હતું કે, રાષ્ટ્રીયચિહ્ન ધરાવતી વિધાનસભાની સ્ટેશનરીનો પક્ષના કામકાજ માટે ઉપયોગ કરીને ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિએ વિધાનસભાના સભ્યોને અપાતી સ્ટેશનરી અને તેના ઉપરના રાષ્ટ્રચિહ્નનો દુરૂપયોગ કર્યો છે અને તેના સમર્થનમાં તેમણે રાષ્ટ્રચિહ્નના ઉપયોગ અંગેના સરકારના પરિપત્રને ટાંકીને જણાવ્યું હતું કે આ રીતે સ્ટેશનરીનો દુરૂપયોગ કરીને ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિએ પરોક્ષ રીતે વિધાનસભાના સભ્યોનું અને સભાગૃહનું અવમાન કર્યું છે. આ બાબતમાં તા. ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના પ્રમુખ અને ધારાસભ્યશ્રી કાસમભાઈ તીરમીઝીએ ગૃહમાં સ્પષ્ટતા કર્યા પછી માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે આનાથી સભાગૃહના ઔચિત્યનો ભંગ થતો નથી પરંતુ જે રીતે સ્ટેશનરીનો ઉપયોગ થયો છે તે વાજબી નથી. દરેક સભ્યશ્રીઓએ તેમને આપવામાં આવતી સ્ટેશનરીનો વિવેકપૂર્ણ રીતે ઉપયોગ કરવો જોઈએ.

### સભાગૃહનું અવમાન

૨૯. સત્ર દરમિયાન સભાગૃહની પ્રેક્ષક તથા અધ્યક્ષ દીર્ધામાંથી સૂત્રોચ્ચાર કરીને સભાગૃહનું અવમાન કરવાના કુલ ત્રણ કિસ્સા બન્યા હતા.

તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ બનેલા પ્રથમ બનાવમાં પ્રશ્નોત્તરી દરમ્યાન પ્રેક્ષક દીર્ધામાંથી ત્રણ વ્યક્તિઓએ સૂત્રોચ્ચાર કરતાં માનનીય અધ્યક્ષશ્રીના આદેશથી સલામતીદળના સભ્યોએ તેમને દીર્ધામાંથી દૂર કર્યા હતાં. માનનીય અધ્યક્ષશ્રીએ તે દિવસે સભાગૃહની બેઠક મુલતવી રાખતાં અને ત્યારબાદ ગૃહની બેઠક ફરીથી ન મળતાં આ બાબતમાં સભાગૃહમાં કોઈ પ્રસ્તાવ પસાર થઈ શક્યો ન હતો અને તેથી અવમાનકર્તાઓને કોઈ સજા કરવામાં આવી ન હતી.

તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ સભાગૃહની પ્રેક્ષક દીર્ધામાંથી સૂત્રોચ્ચાર કરી સભાગૃહનું અવમાન કરવાનો બીજો કિસ્સો બન્યો હતો, જેમાં ૧૧ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી. સભાગૃહે પ્રસ્તાવ પસાર કરીને તેઓને એક દિવસની સાદી કેદની સજા કરી હતી. તદ્નુસાર અવમાનકર્તાઓને સભાગૃહની બેઠક પૂરી થયા સુધી અટકાયતમાં રાખ્યા બાદ છોડી મૂકવામાં આવ્યાં હતાં.

તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ અધ્યક્ષદીર્ઘામાંથી એક વ્યકિતએ સૂત્રોચ્ચાર કરી પત્રિકાઓ ફેંકી હતી. માનનીય સભાપતીશ્રીના આદેશથી સલામતીદળના સભ્યોએ તેને દીર્ઘામાંથી દૂર કર્યો હતો. સભાગૃહે પ્રસ્તાવ પસાર કરીને તેને સભાગૃહની બેઠક પૂરી થાય ત્યાં સુધીની સાદી કેદની સજા કરી હતી. તદનુસાર તે વ્યકિતને સભાગૃહની બેઠક પૂરી થતાં સુધી અટકાયતમાં રાખ્યા બાદ છોડી મૂકવામાં આવી હતી.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

૩૦. સત્ર દરમ્યાન કુલ ૩ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવ્યા હતાં. તેમાંથી બે પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યાં હતાં. એટલે કે ૬૭ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યાં હતાં. એક પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યો ન હતો એટલે કે ૩૩ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યાં ન હતાં.

## યાદગાર પ્રસંગો

૩૧. (૧) તા. ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ પ્રશ્નોત્તરી દરમ્યાન પ્રેક્ષક દીર્ઘામાંથી ત્રણ પ્રેક્ષકોએ "પાક વીમાના પૈસા આપો" એવા સૂત્રોચ્ચાર કરતાં અધ્યક્ષશ્રીના આદેશથી સલામતી દળના સભ્યોએ તેમને દીર્ઘામાંથી દૂર કર્યા હતાં.

(૨) તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ પ્રશ્નોત્તરી દરમ્યાન જ વિરોધ પક્ષના સભ્યોએ મોંઘવારી અને ભાવ વધારા અંગે પોતાના સ્થાન ઉપર ઉભા થઈને "મોંઘવારી હાય હાય" ના સૂત્રોચ્ચાર કર્યા હતા અને બેનર્સ તથા બોટલો પ્રદર્શિત કર્યા હતાં. આ સ્થિતિમાં ગૃહનું કામકાજ આગળ ચલાવવું અશકય જણાતાં અધ્યક્ષશ્રીએ સભાગૃહને એક કલાક માટે મુલતવી રાખ્યું હતું.

સભાગૃહ ફરી ૧—૫૮ કલાકે મળતાં વિરોધપક્ષના સભ્યશ્રીઓએ સૂત્રોચ્ચાર કરતાં અધ્યક્ષશ્રીએ સભાગૃહ ફરી મુલતવી રાખ્યું હતું.

સભાગૃહ ફરી ૩—૧૫ કલાકે મળતાં વિરોધપક્ષના સભ્યોએ મોંઘવારી અંગે સૂત્રોચ્ચાર કર્યા અ દરમ્યાન નાણા મંત્રીશ્રીએ ૧૯૮૯—૯૦ના વર્ષ માટેના ખર્ચનું પૂરક પત્રક રજૂ કર્યું હતું.

આ દરમ્યાન સભ્ય શ્રી ઉદેસિંહ બારિયા અને સભ્યશ્રી દિલીપભાઈ પટેલ તેમના સ્થાન તરફથી વિરોધપક્ષના સભ્યોની પાટલી તરફ ધસી જતાં અને વિરોધપક્ષના સભ્યશ્રી અશોક ભટ્ટ પણ સભાગૃહના વચ્ચેના ભાગમાં આવી જતાં ગૃહમાં ઉશ્કેરાટ ભરી પરિસ્થિતિ ઉભી થતાં, અધ્યક્ષશ્રીએ સભાગૃહ પુનઃ મુલતવી રાખ્યું હતું.

સભાગૃહ પુનઃ ૪—૧૫ કલાકે મળ્યું ત્યારે પણ વિરોધપક્ષના સભ્યોએ"મોંઘવારી કોણ લાવ્યું ? ચૂંટણી ફંડ," એવા સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતાં. આ પરિસ્થિતિમાં સભાગૃહ આગળ ચલાવી શકાય તેમ નથી એમ જણાવી અધ્યક્ષશ્રીએ સભાગૃહને તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના બપોરના ૧૨—૦૦ કલાક સુધી મુલતવી રાખવાની જાહેરાત કરી હતી.

આમ એકજ દિવસે ૪ વખત સભાગૃહની બેઠક મુલતવી રાખવી પડી જે ઘટના અભૂતપૂર્વ ગણી શકાય.

(૩) તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ ભા. જ. પ.ના નેતા શ્રી સુરેશચંદ્ર મહેતાએ તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના ગૃહમાં બનેલા બનાવોથી સભાગૃહના ગૌરવને હાનિ પહોંચી છે તેમ જણાવી આ બાબતમાં સંબંધિત સભ્યો સામે સખત પગલાં લેવા માંગણી કરી હતી. જેને વિરોધપક્ષના નેતા શ્રી ચીમનભાઈ પટેલે સમર્થન આપ્યું હતું. ત્યારબાદ નાણાં મંત્રીશ્રીએ પોતાનું મંતવ્ય રજૂ કર્યું, તે પછી મુખ્યમંત્રી શ્રી અમરસિંહ ચૌધરી આ બાબતે પોતાનું વક્તવ્ય પૂરું કરવાના તબક્કે હતાં તે વખતે જ વિરોધપક્ષના સભ્યશ્રીઓએ મુખ્યમંત્રીશ્રીના વક્તવ્યનો સામૂહિક વિરોધ કરતાં તથા બન્ને પક્ષના સભ્યશ્રીઓ તરફથી સૂત્રોચાર થતાં, અધ્યક્ષશ્રીએ સભાગૃહને મુલતવી રાખ્યું હતું.

ત્યારબાદ સભાગૃહ ફરી બેવાર મળ્યું અને બંનેવાર મુલતવી રહ્યું હતું. આમ સભાગૃહ આગલે દિવસે ૪ વખત અને આ દિવસે ત્રણવાર મુલતવી રહ્યું હતું.

(૪) તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ સંસદીય બાબતોના મંત્રી, શ્રી નલિન પટેલે તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના બનાવો અંગે જણાવ્યું કે આ સભાગૃહમાં ભૂતકાળમાં આવા બનાવો બન્યા નથી તેમજ ભવિષ્યમાં પણ આવા બનાવો ન બને તેની કાળજી સૌએ રાખવી જોઈએ. આ સાથે બનેલા બનાવો અંગે શાસક પક્ષ તરફથી મંત્રીશ્રીએ દિલગીરી વ્યક્ત કરી હતી.

વિરોધપક્ષના નેતા, શ્રી ચીમનભાઈ પટેલે પણ ભવિષ્યમાં કાળજી રાખવાની ખાતરી સાથે વિરોધપક્ષ તરફથી પણ જે ક્ષતિ થયેલી તે અંગે દિલગીરી વ્યક્ત કરી હતી.

અધ્યક્ષશ્રીએ બન્ને પક્ષ તરફથી જે ખેલદિલી દર્શાવાઈ તે પરત્વે આનંદ વ્યક્ત કર્યો હતો અને સત્રના બાકી દિવસો પણ આનંદથી પસાર થશે તેવી આશા વ્યક્ત કરી હતી.

(૫) તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ પ્રેક્ષક દીર્ઘામાંથી ૧૨ જેટલી વ્યક્તિઓએ સૂત્રોચ્ચાર કરતાં સલામતી દળના સભ્યોએ તેમની ધરપકડ કરીને તેમને સભાપતિશ્રીના સૂચનથી દીર્ઘામાંથી દૂર કર્યાં હતાં. ગૃહે સંસદીય બાબતોના મંત્રીશ્રીએ રજૂ કરેલા પ્રસ્તાવનો સ્વીકાર કરી, તેમને એક દિવસની સાદી કેદની સજા કરી હતી.

(૬) તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ સભ્ય શ્રી સુરેશચંદ્ર મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને જણાવ્યું કે રાજ્યપાલશ્રીએ જે વટહુકમ બહાર પાડયો છે તેમાં પાછળથી જે સુધારો બહાર પાડવામાં આવ્યો છે તે રાજ્યપાલશ્રીની સહીથી બહાર પાડવામાં આવેલ નથી, જે ગેરકાયદેસર છે. વટહુકમ પરનો સુધારો અધિકારીની સહીથી બહાર પાડી શકાય નહીં અને તેથી તે રજૂ કરી શકાય નહીં.

સંસદીય બાબતોના મંત્રી, શ્રી નલિન પટેલે જણાવ્યું કે પંચાયત મંત્રીશ્રીએ કેવા સંજોગોમાં આ સુધારો પ્રસિદ્ધ કરવો પડયો તે જણાવ્યું છે અને પ્રસિદ્ધ કરેલો સુધારો રદ કરે છે.

નાણા મંત્રીશ્રી અરવિંદ સંઘવીએ જણાવ્યું કે સુધારો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલો નથી તેથી રાજ્યપાલશ્રીની સહીથી સુધારો થયેલ નથી તે બાબત સભાગૃહમાં ઉઠાવી શકાય નહીં.

ત્યારબાદ આ બાબત પરત્વે અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે જે રીતે સુધારો પ્રસિદ્ધ થયો છે તે ઘણું ખોટું થયું છે. આ ગંભીર ભૂલ છે. તેથી આ સુધારો પાછો ખેંચી લેવાની દરખાસ્ત મંત્રીશ્રીએ લાવવી જોઈએ. અધ્યક્ષશ્રીએ વધુમાં આવી બાબતોમાં મંત્રીશ્રી અને વિભાગે ખૂબ કાળજીથી વર્તવું જોઈએ તેવું અવલોકન કર્યું હતું.

ત્યારબાદ પંચાયત મંત્રી, શ્રી હરિસિંહ મહીડાએ ઉક્ત સુધારો સભાગૃહની અનુમતિથી પાછો ખેંચી લીધો અને તે પછી ગુજરાત પંચાયત સુધારા વટહુકમ, ૧૯૮૯ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂક્યું હતું.

(૭) તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ સભ્ય શ્રી અશોક ભટ્ટે ઔચિત્ય ભંગનો મુદ્દો ઉપસ્થિત કરીને જણાવ્યું કે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પક્ષના કાર્યક્રમ માટે આપેલાં નિમંત્રણો વિધાનસભાના સભ્યોને અપાતી સ્ટેશનરી કે જેના ઉપર રાષ્ટ્ર ચિન્હ હોય છે તેના ઉપર છાપીને સ્ટેશનરીનો દુરૂપયોગ કર્યો છે. આ રીતે સ્ટેશનરીનો દુરૂપયોગ કરીને જિલ્લા કોંગ્રેસ સમિતિએ સભાગૃહનું અપમાન કર્યું છે. આ અંગે તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ સભ્ય શ્રી કાસમભાઈએ ખુલાસો કર્યો કે ઉતાવળને કારણે આ સ્ટેશનરીનો ભૂલથી ઉપયોગ થઈ ગયો છે, તેમાં ઔચિત્ય ભંગ કરવાનો કોઈ આશય ન હતો. અધ્યક્ષશ્રીએ અવલોકન કર્યું કે જે રીતે સ્ટેશનરીનો ઉપયોગ થયો છે તે વ્યાજબી નથી. માનનીય સભ્યશ્રીઓને તેમને અપાતી સ્ટેશનરીનો ઉપયોગ તે જે ઉદ્દેશથી આપવામાં આવે છે તે જ ઉદ્દેશ માટે કરવામાં આવે તે આ કિસ્સામાં નથી થયું તે ખોટું થયું છે. સંબંધિત સભ્યશ્રીના ખુલાસા પછી આ બાબતમાં હવે કાંઈ કરવાનું રહેતું નથી.

(૮) તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ વિરોધપક્ષના નેતા, શ્રી ચીમનભાઈ પટેલે "ખેડા જિલ્લાના નડિયાદ ખાતેના અદાલતના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાથે પોલીસે કરેલા દુર્વ્યવહાર અંગે રજૂ કરેલી સભામોકૂફીના પ્રસ્તાવની ચર્ચા દરમ્યાન શાસક પક્ષના સભ્ય શ્રી બરજોરજી પારડીવાળાએ તેમના પ્રવચન બાદ બનાવના સંદર્ભમાં ન્યાયતંત્રનું અપમાન તેઓ વકીલ તરીકે સહન કરી શકે તેમ નથી તેમ જણાવી સભા ત્યાગ કર્યો. ચર્ચાનો જવાબ માનનીય મુખ્યમંત્રીશ્રી પૂરો પણ કરે તે પહેલા વિરોધપક્ષના હાજર રહેલા સભ્યોએ જવાબ પ્રત્યે નારાજગી વ્યક્ત કરી સભાત્યાગ કર્યો હતો.

(૯) તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ સન ૧૯૮૯નું ગુજરાત સિંચાઈ અને ડ્રેનેજ વિધેયક ગૃહે ૧૨ સભ્યોની બનેલી પ્રવર સમિતિને તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૦ પહેલાં તેનો અહેવાલ સાદર કરવાની સૂચના સાથે સોંપ્યું હતું.

પ્રસ્તુત વિધેયકની જોગવાઈઓ બાબતમાં અગાઉ રાજ્યપાલશ્રીએ વટહુકમ બહાર પાડ્યો હતો.

વટહુકમનો સ્થાન લેતું વિધેયક પ્રવર સમિતિને સોંપવાનો સતત આ બીજો પ્રસંગ બન્યો. અગાઉના સત્રમાં માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક કે જેને માટે અગાઉ વટહુકમ બહાર પડેલો તે પણ પ્રવર સમિતિને સોંપાયું હતું.

(૧૦) તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ સન ૧૯૮૯ના મુંબઈ પ્રોવિન્સિયલ, મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયકની ચર્ચા વખતે અધ્યક્ષ દીર્ઘામાંથી એક વ્યક્તિએ સૂત્રોચ્ચાર કરતાં સલામતી દળના સભ્યોએ તેની ધરપકડ કરી હતી અને સભાપતિશ્રીની સૂચનાથી દીર્ઘામાંથી તેને દૂર કરેલ, તે પછી ગૃહે તેને એક દિવસની ગૃહ ઉઠતાં સુધીની સજા ફરમાવી હતી.

(૧૧) સત્રના છેલ્લા દિવસે એટલે કે તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ વિરોધ-પક્ષના નેતા, શ્રી ચીમનભાઈ પટેલ, શ્રી અશોક ભટ્ટ અને મુખ્યમંત્રીશ્રી અમરસિંહ ચૌધરીએ ચૂંટણી પહેલાની ગૃહની આ છેલ્લી બેઠક ગણીને વિધાનસભાના કામકાજમાં પરસ્પર સાથ અને સહકાર આપવા બદલ આભારની લાગણી વ્યક્ત કરીને સભાગૃહના કુશળ અને સફળ સંચાલન બદલ અધ્યક્ષશ્રીને અભિનંદન આપ્યાં હતાં.

અધ્યક્ષશ્રીએ પણ તેમને બધા પક્ષો તરફથી મળેલા સહકાર બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## સમિતિની બેઠકો

૩૨. સત્ર દરમ્યાન નીચે જણાવેલ સમિતિઓની બેઠકો મળી હતી.

| અ. નં. | સમિતિનું નામ | બેઠકની તારીખ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | અંદાજ સમિતિ | ૨૮–૯–૮૯ |
| ૨. | કામકાજ સલાહકાર સમિતિ | ૧૮–૯–૮૯ |
| | | ૧૯–૯–૮૯ |
| | | ૨૦–૯–૮૯ |
| | | ૨૧–૯–૮૯ |
| | | ૨૬–૯–૮૯ |
| | | ૨૭–૯–૮૯ |
| ૩. | બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ | ૧૯–૯–૮૯ |
| | | ૨૬–૯–૮૯ |
| ૪. | અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ | ૨૨–૯–૮૯ |
| | | ૨૭–૯–૮૯ |
| ૫. | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા વિચરતી અને વિમુક્ત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ | ૨૦–૯–૮૯ |
| ૬. | સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ | ૨૧–૯–૮૯ |
| ૭. | સદસ્ય નિવાસ સમિતિ | ૨૧–૯–૮૯ |
| | | ૨૭–૯–૮૯ |

## વિધાનસભામાં રજૂ થયેલા/ચર્ચાયેલા ગૃહની સમિતિઓના અહેવાલો

૩૩. સત્ર દરમિયાન નીચે જણાવેલા અહેવાલો સભાગૃહમાં રજૂ થયાં હતાં/ચર્ચાયાં હતા.

| અ. નં. | અહેવાલ | રજૂ થયા તારીખ | ચર્ચાયા તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| **૧. અંદાજ સમિતિ** | | | |
| | (૧) બારમો અહેવાલ | ૨૯-૯-૮૯ | — |
| | (૨) તેરમો અહેવાલ | ૨૯-૯-૮૯ | — |
| **૨. જાહેર સાહસો માટેની સમિતિ** | | | |
| | (૧) ઓગણીસમો અહેવાલ | ૨૬-૯-૮૯ | — |
| | (૨) વીસમો અહેવાલ | ૨૬-૯-૮૯ | — |
| | (૩) એકવીસમો અહેવાલ | ૨૬-૯-૮૯ | — |
| | (૪) બાવીસમો અહેવાલ | ૨૬-૯-૮૯ | — |
| **૩. પંચાયતી રાજ સમિતિ** | | | |
| | (૧) અગિયારમો અહેવાલ | ૨૧-૯-૮૯ | — |
| **૪. કામકાજ સલાહકાર સમિતિ** | | | |
| | (૧) ત્રેપનમો અહેવાલ | ૨૨-૯-૮૯ | ૨૨-૯-૮૯ |
| | (૨) ચોપનમો અહેવાલ | ૨૬-૯-૮૯ | ૨૬-૯-૮૯ |
| **૫. બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ** | | | |
| | (૧) છેતાળીસમો અહેવાલ | ૨૦-૯-૮૯ | ૨૦-૯-૮૯ |
| | (૨) સુડતાલીસમો અહેવાલ | ૨૭-૯-૮૯ | ૨૭-૯-૮૯ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૬. ગૌણ વિધાન સમિતિ | | | |
| | (૧) તેરમો અહેવાલ | ૨૭--૯--૮૯ | — |
| ૭. વિશેષાધિકાર સમિતિ | | | |
| | (૧) બીજો અહેવાલ | ૨૬--૯--૮૯ | — |
| | (૨) ત્રીજો અહેવાલ | ૨૬--૯--૮૯ | — |
| ૮. અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ | | | |
| | (૧) પંદરમો અહેવાલ | ૨૧--૯--૮૯ | — |
| | (૨) સોળમો અહેવાલ | ૨૭--૯--૮૯ | — |
| ૯ અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ | | | |
| | (૧) ચોવીસમો અહેવાલ | ૨૧--૯--૮૯ | — |
| | (૨) પચીસમો અહેવાલ | ૨૧--૯--૮૯ | — |
| ૧૦. સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ | | | |
| | (૧) ત્રીજો અહેવાલ | ૨૭--૯--૮૯ | — |
| ૧૧. સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ | | | |
| | (૧) નવમો અહેવાલ | ૨૯--૯--૮૯ | ૨૯--૯--૮૯ |

## "સંસદીય પ્રણાલીઓ અને કાર્યરીતિ" પુસ્તકનો વિમોચન કાર્યક્રમ

૩૪. ધારાસભ્યશ્રીઓને સંસદીય પ્રણાલીઓ અને કાર્યરીતિ સંબંધમાં પૂરતી જાણકારી સુલભ થઈ શકે તે હેતુથી ગુજરાતી ભાષામાં તૈયાર કરવામાં આવેલ "સંસદીય પ્રણાલીઓ અને કાર્યરીતિ" પુસ્તકનો વિમોચન કાર્યક્રમ ગુરૂવાર, તા. ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ સભાગૃહના વિરામ સમયે યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમનું પ્રમુખ સ્થાન જળ સંપત્તિ અને નર્મદા વિકાસ મંત્રીશ્રી વિજયદાસજી મહંતે શોભાવ્યું હતું અને વિમોચન વિધિ મા. અધ્યક્ષશ્રીના વરદ હસ્તે થઈ હતી.

## વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો (અધિસૂચના સિવાય)

૩૫. સત્ર દરમિયાન નીચેના કાગળો (અધિસૂચના સિવાય) વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા.

| અ. નં. | વિગત | મેજ ઉપર મૂકયા તારીખ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૫-૮૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન. | ૨૧-૯-૮૯ |
| ૨. | ગુજરાત આદિજાતિ વિકાસ નિગમનો સન ૧૯૮૭-૮૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેનો સરકારની સમીક્ષા તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન | ૨૧-૯-૮૯ |
| ૩. | ગુજરાત રાજ્ય તકેદારી આયોગનો ચોવીસમો વાર્ષિક અહેવાલ (૧-૪-૮૭ થી ૩૧-૧૨-૮૭) સુધી નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન | ૨૫-૯-૮૯ |
| ૪. | ગુજરાત મેરીટાઈમ બોર્ડના સન ૧૯૮૭-૮૮ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન | ૨૫-૯-૮૯ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૫. | ગુજરાત રાજ્યમાં બંધ કાપડની મિલો માટે રાજ્ય સરકારે બહાર પાડેલ શ્વેતપત્ર | ૨૫-૯-૮૯ |
| ૬. | ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૭-૮૮નો ૧૧મો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટરનો અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેનો સરકારનો અહેવાલ તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન | ૨૬-૯-૮૯ |
| ૭. | ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૬-૮૭નો વાર્ષિક, અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન | ૨૬-૯-૮૯ |
| ૮. થી ૧૨. | ગુજરાત કૃષિ વિશ્વ વિદ્યાલયના સન ૧૯૮૨-૮૩, ૮૩,-૮૪, ૮૪-૮૫ અને ૮૫-૮૬ના વાર્ષિક વહીવટી અહેવાલો તેમજ સન ૧૯૭૬-૭૭ના ઓડિટ રિપોર્ટ તથા આ અહેવાલોને વિધાન-સભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન | ૨૬-૯-૮૯ |
| ૧૩. | ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૧૯૮૭-૮૮નો ૨૮મો વાર્ષિક અહેવાલ તથા જે કિસ્સામાં સરકારે આયોગની સલાહ ન સ્વીકારી હોય તેની યાદી | ૨૭-૯-૮૯ |
| ૧૪. અને ૧૫. | ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનું સન ૧૯૮૯-૯૦નું અંદાજપત્ર તથા સન ૧૯૮૫-૮૬ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન | ૨૭-૯-૮૯ |
| ૧૬. | ગુજરાત હાઉસીંગ બોર્ડનું સન ૧૯૮૯-૯૦નું અંદાજપત્રક | ૨૭-૯-૮૯ |
| ૧૭. | ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૧૯૮૫-૮૬નો વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા અને આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન | ૨૭-૯-૮૯ |

| ૧ | ૨ | ૩ |
| --- | --- | --- |
| ૧૮. | ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૩-૮૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો અને ઓડિટરનો અહેવાલ તેમજ આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન | ૨૮-૯-૮૯ |
| ૧૯. | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૧૯૮૭-૮૮ના વર્ષનો ઓડિટ અહેવાલ અને હિસાબો તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન | ૨૮-૯-૮૯ |
| ૨૦. અને ૨૧. | ગુજરાત સ્ટેટ ટેક્ષટાઈલ કોરપોરેશન લિમિટેડનો સન ૧૯૮૫-૮૬ અને ૧૯૮૬-૮૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન | ૨૮-૯-૮૯ |
| ૨૨. | ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૧૯૮૮-૮૯નો વાર્ષિક અહેવાલ | ૨૮-૯-૮૯ |
| ૨૩. | ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનો સન ૧૯૮૮-૮૯નો વાર્ષિક અહેવાલ | ૨૮-૯-૮૯ |
| ૨૪. | ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડના સન ૧૯૮૬-૮૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન | ૨૮-૯-૮૯ |
| ૨૫. | ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૧૯૮૪-૮૫નો વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન | ૨૯-૯-૮૯ |
| ૨૬. | ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૧૯૮૪-૮૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન | ૨૯-૯-૮૯ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| | ૨૭. ગુજરાત ફ્રૂટ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોરપોરેશન લિ. (ગ્રીમકો)નો સન ૧૯૮૪-૮૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન | ૨૯-૯-૮૯ |
| | ૨૮. ગુજરાત મ્યુનિસિપલ નાણા બોર્ડના સન ૧૯૮૭-૮૮ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન | ૨૯-૯-૮૯ |
| | ૨૯. ગુજરાત રાજ્ય હાથશાળ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૫-૮૬ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન | ૨૯-૯-૮૯ |

### વિધાનસભામાં પક્ષોની પરિસ્થિતિ

૩૬. સત્ર દરમિયાન વિધાનસભામાં પક્ષોની પરિસ્થિતિની માહિતી આ સાથેના પત્રકમાં આપવામાં આવી છે. (પત્રક ક્રમાંક-૨૮)

### સત્ર દરમિયાન ખરેખર થયેલા કામ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી

૩૭. સત્ર દરમિયાન જુદા જુદા કામ ખરેખર કઈ તારીખે હાથ પર લેવાયાં તે બતાવતી સભાઓની તારીખવાર યાદી પત્રક ક્રમાંક ૨૯માં આપવામાં આવી છે.

### રોજરોજના કામકાજનો સારાંશ

૩૮. સત્ર દરમિયાન વિધાનસભાએ રોજેરોજ કરેલા કામકાજનો સારાંશ પત્રક ક્રમાંક ૩૦માં આપવામાં આવેલ છે.

## વિધાનસભાની ચર્ચાઓમાં જુદા જુદા સભ્યોનો ફાળો

૩૯. સત્ર દરમિયાન જુદા જુદા કામમાં સભ્યોએ કેટલી વખત ભાગ લીધો તે પત્રક ક્રમાંક ૩૧ માં આપવામાં આવેલ છે.

### શોકદર્શક ઉલ્લેખ

૪૦. સાતમી ગુજરાત વિધાનસભાના દસમા સત્ર દરમિયાન આઠ શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા. જેમાં એક ચાલુ મંત્રીશ્રી, એક માજી મંત્રીશ્રી, ત્રણ માજી સભ્યશ્રીઓ, એક માજી સંસદ સભ્ય અને બે ભૂતપૂર્વ મુંબઈ વિધાનસભાના માજી સભ્યોનો સમાવેશ થાય છે. (પત્રક ક્રમાંક-૩૨).

### વિભાજન

૪૧. સત્ર દરમિયાન થયેલ વિભાજનને લગતી માહિતી પત્રક ક્રમાંક ૩૩માં આપવામાં આવી છે.

### સભાત્યાગ

(૧) તા. ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ પ્રશ્ન અગ્રતાક્રમ-૧૫ના પ્રશ્નોના જવાબથી અસંતોષ થતાં વિરોધ પક્ષના હાજર રહેલા કેટલાક સભ્યોએ સભાત્યાગ કર્યો.

(૨) તા. ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ વિરોધ પક્ષના નેતા, શ્રી ચીમનભાઈ પટેલના સભામોકૂફીના પ્રસ્તાવની ચર્ચા દરમિયાન

(૧) શ્રી બરજોરજી પારડીવાળાએ બનેલા બનાવના સંદર્ભમાં સભાત્યાગ કર્યો.

(૨) વિરોધપક્ષના હાજર રહેલા સભ્યોએ મુખ્ય મંત્રીશ્રી ગૃહ ખાતાનો બચાવ કરે છે તેમ જણાવી સભાત્યાગ કર્યો.

### વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલા પ્રેક્ષકો

૪૨. સત્ર દરમિયાન નીચે જણાવ્યા મુજબના પ્રેક્ષકો વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવ્યા હતાં :

| | |
|---|---|
| ૧ અધ્યક્ષ દીર્ઘા | ૨૮૮૪ |
| ૨ અતિથિ વિશેષ દીર્ઘા | ૧૨૦૦ |
| ૩ પ્રેક્ષક દીર્ઘા | ૭૫૬૪ |
| ૪ ૩૫ શૈક્ષણિક તેમજ સામાજિક સંસ્થાઓમાંથી વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલા મુલાકાતીઓ | ૩૦૦૦ |
| કુલ | ૧૪૬૪૮ |

# પત્રકો

### પત્રક ક્રમાંક—૧

(જુઓ ફકરા ક્રમાંક—૧)

### સત્રમાં થયેલ જુદા જુદા કામકાજે લીધેલ સમય અને તેની ટકાવારી

દિવસોની સંખ્યા—૧૦ કુલ કલાક : ૪૦ ક. ૨૨ મિ.

| અ.નં. | ક. મિ. | ટકાવારી |
|---|---|---|
| ૧. પ્રશ્નોત્તરી | ૯—૦૦ | ૨૨.૫૦ |
| ૨. વિધેયકો | | |
| (અ) સરકારી | ૬—૧૨ | ૧૫.૦૦ |
| (બ) બિન સરકારી | ૨—૧૫ | ૫.૦૦ |
| ૩. અંદાજપત્ર પર ચર્ચા | ૫—૨૭ | ૧૨.૦૦ |
| ૪. પ્રસ્તાવો— | | |
| (અ) સભા મોકૂફીના પ્રસ્તાવો | ૨—૦૨ | ૫.૦૦ |
| (બ) મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યક્ત કરતા પ્રસ્તાવો. | — | |
| (ક) બીજા પ્રસ્તાવો (સરકારી તેમજ બિન-સરકારી સભ્યોના તેમજ બીજા પ્રસ્તાવો સહિત) | ૬—૩૨ | ૧૫.૦૦ |
| ૫. રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા | | |
| ૬. (૧) સરકારી સંકલ્પો | | |
| (૨) બિન-સરકારી સંકલ્પો | ૨—૧૦ | ૫.૦૦ |
| ૭. વૈધાનિક મંડળોના કામકાજ ઉપર ચર્ચા | | |
| ૮. વિધાનસભાની સમિતિઓના અહેવાલો અને બીજા અહેવાલો પર ચર્ચા | ૦—૨૩ | ૦૦.૫૦ |
| ૯. અન્ય બાબતો | ૬—૨૧ | ૧૫.૦૦ |
| | ૪૦—૨૨ | ૧૦૦.૦૦ |

## પત્રક ક્રમાંક—૨

(જૂઓ ફકરા ક્રમાંક—૨)

### ગૃહની બેઠકોની તારીખ અને સમય

કામકાજના દિવસો :—૧૦ સભાગૃહની બેઠકો :—૧૦

| વાર | તારીખ | બેઠક શરૂ થવાનો અને પૂરી થવાનો સમય | વિશ્રાંતિ | બેઠકનો ખરેખર સમય |
|---|---|---|---|---|
| | | | ક. મિ. | ક. મિ. |
| સોમવાર | તા. ૧૮મી સપ્ટેમ્બર ૧૯૮૯ | ૧૨—૦૦ થી ૧—૩૧ | ... | ૧—૩૧ |
| મંગળવાર | તા. ૧૯મી સપ્ટેમ્બર ૧૯૮૯ | ૧૨—૦૦ થી ૪—૧૫ | ૩—૧૧ | ૧—૦૪ |
| બુધવાર | તા. ૨૦મી સપ્ટેમ્બર ૧૯૮૯ | ૧૨—૦૦ થી ૩—૪૬ | ૨—૩૭ | ૧—૦૯ |
| ગુરુવાર | તા. ૨૧મી સપ્ટેમ્બર ૧૯૮૯ | ૧૨—૦૦ થી ૫—૨૨ | ૦—૪૫ | ૪—૩૭ |
| શુક્રવાર | તા. ૨૨મી સપ્ટેમ્બર ૧૯૮૯ | ૮—૩૦ થી ૧—૧૫ | ૦—૨૯ | ૪—૧૪ |
| સોમવાર | તા. ૨૫મી સપ્ટેમ્બર ૧૯૮૯ | ૧૨—૦૦ થી ૭—૨૦ | ૦—૪૫ | ૬—૩૫ |
| મંગળવાર | તા. ૨૬મી સપ્ટેમ્બર ૧૯૮૯ | ૧૨—૦૦ થી ૬—૨૭ | ૦—૪૫ | ૫—૪૨ |
| બુધવાર | તા. ૨૭મી સપ્ટેમ્બર ૧૯૮૯ | ૧૨—૦૦ થી ૫—૪૧ | ૦—૪૮ | ૪—૫૩ |
| ગુરુવાર | તા. ૨૮મી સપ્ટેમ્બર ૧૯૮૯ | ૧૨—૦૦ થી ૬—૧૫ | ૦—૪૩ | ૫—૩૨ |
| શુક્રવાર | તા. ૨૯મી સપ્ટેમ્બર ૧૯૮૯ | ૮—૩૦ થી ૨—૦૫ | ૦—૩૦ | ૫—૦૫ |
| | | | કુલ : | ૪૦—૨૨ |

## પત્રક ક્રમાંક—૩

(જૂઓ ફકરા ક્રમાંક—૩)

સભ્યોએ વ્યકિતગત રીતે આપેલી હાજરી. (સભ્યોનું હાજરી પત્રક)

| ક્રમાંક<br>૧ | સભ્યનું નામ<br>૨ | કુલ હાજરી<br>૩ |
|---|---|---|
| ૧. | શ્રી કનુભા માધુભા જાડેજા | ૧૦ |
| ૨. | શ્રી સુરેશચંદ્ર રૂપશંકર મહેતા | ૭ |
| ૩. | શ્રીમતી કુમુદિની ગજેન્દ્ર પંચોલી | ૧૦ |
| ૪. | શ્રી વાલજી પૂનમચંદ દનિચા | ૯ |
| ૫. | શ્રી નવીનભાઈ શાસ્ત્રી | ૧૦ |
| ૬. | શ્રી હરિલાલ નાનજી પટેલ | ૧૦ |
| ૭. | શ્રીમતી ચન્દ્રાબેન સુરેશભાઈ શ્રીમાળી | ૬ |
| ૮. | શ્રી નંદકિશોર ત્રંબકલાલ દવે | ૯ |
| ૯. | શ્રી જનકસિંહ ખેંગારજી રાણા | ૧૦ |
| ૧૦. | શ્રી કરમશીભાઈ કાનજીભાઈ મકવાણા | ૧૦ |
| ૧૧. | શ્રી જીવુભા ઘેલુભા ઝાલા | ૯ |
| ૧૨. | શ્રી અરવિંદ સાકળચંદ સંઘવી | (મંત્રીશ્રી) |
| ૧૩. | શ્રી અમૃતલાલ ગણેશભાઈ અઘારા | ૧૦ |
| ૧૪. | શ્રી વલ્લભભાઈ પોપટલાલ પટેલ | (મંત્રીશ્રી) |
| ૧૫. | શ્રી પોપટ સવજી જીંજરીયા | ૯ |
| ૧૬. | શ્રી મામૈયા હરિભાઈ ડાભી | ૬ |
| ૧૭. | ડૉ. સુશીલાબેન કે. શેઠ | (મંત્રીશ્રી) |
| ૧૮. | શ્રી વજુભાઈ વાળા | ૭ |
| ૧૯. | શ્રી ચન્દ્રકાન્ત ભાનુભાઈ વાઘેલા | ૧૦ |
| ૨૦. | શ્રી પોપટભાઈ લાખાભાઈ સોરઠીઆ | (ખાલી) |
| ૨૧. | શ્રી દિલિપભાઈ રમણભાઈ પટેલ | ૧૦ |
| ૨૨. | શ્રી છગનભાઈ શંભુભાઈ સોજીત્રા | ૧૦ |
| ૨૩. | શ્રી જ્યંતિલાલ ભગવાનજી કાલરીયા | ૧૦ |
| ૨૪. | શ્રી ડાહયાભાઈ દેવશીભાઈ ભીમાણી | ૯ |
| ૨૫. | શ્રી વસંતકુમાર સંઘવી | ૭ |
| ૨૬. | શ્રી ભીમજી નારણ હીરાણી | ૧૦ |
| ૨૭. | શ્રી કેશુભાઈ સવદાસ પટેલ | ૮ |
| ૨૮. | શ્રી રમેશભાઈ વિઠ્ઠલભાઈ કાલરીયા | ૭ |

| ક્રમાંક<br>૧ | સભ્યનું નામ<br>૨ | કુલ હાજરી<br>૩ |
|---|---|---|
| ૨૯. | શ્રી મારખી જેઠા ગોરીયા | ૩ |
| ૩૦. | શ્રી હેમતભાઈ રામભાઈ માડમ | ૬ |
| ૯. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક : ૧૩ સન ૧૯૮૮નું ગુજરાત સહકારી ખાંડ મંડળીઓમાં ગેરરીતિઓ અટકાવવા બાબત વિધેયક. | સહકાર | શ્રી મોહનભાઈ તળાવિયા | —"— |
| ૧૦. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક : ૧૪ સન ૧૯૮૯નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક. | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ | શ્રી બાબુભાઈ વાસણવાળા | —"— |
| ૧૧. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક : ૧૫ સન ૧૯૮૯નું ગુજરાત મૈત્રિકર પ્રતિબંધ વિધેયક. | મહેસૂલ | શ્રી બાબુભાઈ વાસણવાળા | —"— |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક : ૧૮ સન ૧૯૮૯ નું મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ (ગુજરાત સુધારા) વિધેયક. | કાયદા | શ્રી બાબુભાઈ વાસણવાળા | સમયના અભાવે વિધેયક હાથ ધરી શકાયું નહી. |
| ૧૩. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક : ૧૯ સન ૧૯૮૯નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક. | પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ. | શ્રી મહંમદભાઈ પટેલ | —"— |
| ૧૪. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક : ૨૧ સન ૧૯૮૯નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક. | સહકાર | શ્રી ઉદેસિંહ દરબાર | —"— |
| ૧૫. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક : ૨૨ સન ૧૯૮૯નું મુંબઈ દીવાની કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયક. | કાયદા | શ્રી ઉદેસિંહ દરબાર | —"— |
| ૧૬. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક : ૩૪ સન ૧૯૮૯નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક. | સહકાર | શ્રી ફતેસિંહ સોઢા | —"— |
| ૧૭. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક : ૩૫ સન ૧૯૮૯નું ગુજરાત રાજભાષા (સુધારા) વિધેયક. | સામાન્ય વહીવટ | શ્રી ભાઈલાલભાઈ ડાભી | —"— |
| ૧૮. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક--૩૬ સન ૧૯૮૯નું ગુજરાત જાહેર સેવા આયોગ (વધારાના કાર્યો) વિધેયક. | સામાન્ય વહીવટ | શ્રી ફતેસિંહ સોઢા | —"— |
| ૧૯. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક--૩૭ સન ૧૯૮૯નું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (ગુજરાત સુધારા) વિધેયક. | કાયદા | શ્રી ઉદેસિંહ દરબાર | —"— |
| ૨૦. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક--૩૮ સન ૧૯૮૯નું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (ગુજરાત સુધારા) વિધેયક. | કાયદા | શ્રી ભાઈલાલભાઈ ડાભી | સમયના અભાવે વિધેયક હાથ ધરી શકાયું નહિ. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૨૧. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૩૯ સન ૧૯૮૯નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક | પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ | શ્રી ભાઈલાલભાઈ ડાભી | ,, |
| ૨૨. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૪૦ સન ૧૯૮૯નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક. | પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ | શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી | ,, |
| ૨૩. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૪૧ સન ૧૯૮૯નું ગુજરાત સામાજિક નિર્યોગ્યતા અટકાવવા બાબત વિધેયક. | સમાજકલ્યાણ | શ્રી બાબુભાઈ વાસણવાળા | ,, |
| ૨૪. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૪૨ સન ૧૯૮૯નું પ્રેસિડેન્સી સ્મૉલ કોઝ કોર્ટસ (ગુજરાત સુધારા) વિધેયક. | કાયદા | શ્રી ઉદેસિંહ દરબાર | —,,— |
| ૨૫. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૪૪ સન ૧૯૮૯નું ગુજરાત પૂર્વગર્ભ નિદાન ટેકનિક દુરૂપયોગ નિવારણ વિધેયક. | આરોગ્ય અને પરિવાર કલ્યાણ | શ્રી બાબુભાઈ વાસણવાળા | —,,— |
| ૨૬. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૪૫ સન ૧૯૮૯નું દીવાની કાર્યરીતિ અધિનિયમ (ગુજરાત સુધારા) વિધેયક. | કાયદા | શ્રી ઉદેસિંહ દરબાર | —,,— |

| | | | |
|---|---|---|---|
| ૨૭. સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક: ૪૬ સન ૧૯૮૯નું ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયક. | સામાન્ય વહીવટ | શ્રી ભાઈલાલભાઈ ડાભી | સમયના અભાવે વિધેયક હાથ ધરી શકાયું નહિ. |
| ૨૮. સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક : ૪૭ સન ૧૯૮૯નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક. | સહકાર | શ્રી ભાઈલાલભાઈ ડાભી | —,,— |
| ૨૯. સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક : ૪૮ સન ૧૯૮૯નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક. | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ | શ્રી ઉદેસિંહ દરબાર | —,,— |

### પત્રક ક્રમાંક—૨૭

(જુઓ ફકરા ક્રમાંક ૨૭)

### બિન—સરકારી સંકલ્પો (નિયમ—૧૧૭)

| અ.નં. | સૂચનાનો વિષય | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | ચર્ચા માટેની તારીખ | પરિણામ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | સામાજિક અને શૈક્ષણિક પછાત જાતિઓના ઉમેદવારોને નોકરીમાં હરિજનો અને આદિવાસીઓને મળતી સવલતો મુજબનો લાભ આપવા બાબત. | શ્રી બુધાજી ચૌહાણ | ૨૮--૯--૮૯ | ચર્ચાને અંતે સભાગૃહની અનુમતિથી સભ્યશ્રીએ સંકલ્પ પાછો ખેંચ્યો હતો. |
| ૨ | આદિવાસી વિસ્તાર પેટા યોજના નીચેના ગામોમાં એસ.એસ.સી. પાસ વિદ્યાર્થીઓને શિક્ષક તરીકે નિમણૂંક આપવા બાબત. | શ્રી વીરજીભાઈ મુનિયા | ૨૮--૯--૮૯ | ” |
| ૩ | ડાંગ જિલ્લાના આદિવાસી ખેડૂતોને જમીનની સાથે વૃક્ષોની માલિકીનો હકક આપવા બાબત. | શ્રી ચંદરભાઈ પટેલ | ૨૮--૯--૮૯ | આગળના બે સંકલ્પો પર ચર્ચા થઈ હોવાથી અને આ સંકલ્પનો અગ્રતાક્રમ ત્રીજો હોવાથી નિયમ ૧૧૭(૫)ના પરંતુક અન્વયે તે સભાગૃહમાં રજૂ થઈ શકયો નહીં. |

પત્રક ક્રમાંક—૨૮

(જુઓ ફકરા ક્રમાંક ૩૬)

વિધાનસભામાં પક્ષવાર સભ્ય સંખ્યા.

| તારીખ | કુલસંખ્યા | કોંગ્રેસ | જનતાદળ | ભા.જ.પ. | અપક્ષ | ખાલી |
|---|---|---|---|---|---|---|
| ૨૯--૯--૮૯ ના રોજ | ૧૮૨ | ૧૪૪ | ૧૩ | ૧૨ | ૮ | ૫ |

પત્રક ક્રમાંક—૨૯

(જુઓ ફકરા ક્રમાંક : ૩૭)

ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી

સપ્ટેમ્બર, ૧૯૮૯

સોમવાર, તા. ૧૮મી — શોક દર્શક ઉલ્લેખો

મંગળવાર, તા. ૧૯મી — સન ૧૯૮૯–૯૦ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત

બુધવાર, તા. ૨૦મી — સભાગૃહની બેઠક મુલતવી રહી હતી.

ગુરુવાર, તા. ૨૧મી — ૧. સરકારી વિધેયકો અને વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો :-

(૧) સન ૧૯૮૯નું ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા (સુધારા) વિધેયક (દાખલ કરવાનું)

(૨) સન ૧૯૮૯નું ગુજરાત લોકાયુકત (સુધારા) વિધેયક (દાખલ કરવાનું)

(૩) (ક) સન ૧૯૮૯નો વટહુકમ ક્રમાંક–૪–સન ૧૯૮૯નો ગુજરાત આકસ્મિક ફંડ (સુધારા) વટહુકમ નામંજૂર કરવા માટેનો સભ્યશ્રી અમરતલાલ અધારાનો પ્રસ્તાવ.

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક—૩૦—સન ૧૯૮૯નું ગુજરાત આકસ્મિક ફંડ (સુધારા) વિધેયક (ચર્ચા ચાલુ) .

૨. બિન–સરકારી વિધેયકો.

શુક્રવાર, તા. ૨૨મી — ૧. વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો અને સરકારી વિધેયકો :—

(૧) (ક) સન ૧૯૮૯નો વટહુકમ ક્રમાંક—૪—સન ૧૯૮૯નો ગુજરાત આકસ્મિક ફંડ (સુધારા) વટહુકમ નામંજૂર કરવા માટેનો સભ્યશ્રી અમરતલાલ અધારાનો પ્રસ્તાવ.

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક—૩૦—સન ૧૯૮૯નું ગુજરાત આકસ્મિક ફંડ (સુધારા) વિધેયક.

(૨) (ક) સન ૧૯૮૯નો વટહુકમ ક્રમાંક—૧—સન ૧૯૮૯નો મહારાજા સયાજીરાવ વડોદરા યુનિવર્સિટી (સુધારા) વટહુકમ નામંજૂર કરવા માટેનો સભ્યશ્રી દિલીપભાઈ સંઘાણીનો પ્રસ્તાવ.

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક—૨૯—સન ૧૯૮૯નું મહારાજા સયાજીરાવ વડોદરા યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક.

(૩) (ક સન ૧૯૮૯નો વટહુકમ ક્રમાંક—૩—સન ૧૯૮૯નો ગુજરાત પંચાયત (સુધારા) વટહુકમ ના મંજૂર કરવા માટેનો સભ્યશ્રી દિલીપભાઈ સંઘાણીનો પ્રસ્તાવ.

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક—૩૧—સન ૧૯૮૯નું ગુજરાત પંચાયત (દ્વિતીય સુધારા) વિધેયક.

સોમવાર, તા. ૨૫મી.

૧. પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

૨. બંધ પડેલી કાપડની મિલો માટે સરકારે બહાર પાડેલ શ્વેતપત્રમાં સમાવિષ્ટ બાબતોની ચર્ચા કરવા માટેનો સભ્યશ્રી અશોક ભટ્ટનો નિયમ-૧૦૧નો પ્રસ્તાવ.

મંગળવાર, તા. ૨૬મ

૧. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ).

૨. નર્મદા યોજનાનો જલ્દી અમલ કરવા અંગે જળસંપત્તિ મંત્રીશ્રી મહંત વિજયદાસજીનો નિયમ-૧૦૧ અન્વયેનો પ્રસ્તાવ.

બુધવાર, તા. ૨૭મી.

૧. ખેડા જિલ્લાના નડિયાદ ખાતેની અદાલતના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાથે પોલીસે કરેલ દુરવ્યવહાર અંગે વિરોધપક્ષના નેતાશ્રી ચીમનભાઈ પટેલનો સભામોકૂફીનો પ્રસ્તાવ.

૨. વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો અને સરકારી વિધેયકો

(૧) (ક) સન ૧૯૮૯નો વટહુકમ ક્રમાંક—૨—સન ૧૯૮૯નો ગુજરાત સિંચાઈ અને ડ્રેનેજ વટહુકમ નામંજૂર કરવા માટેનો સભ્યશ્રી અશોક ભટ્ટનો પ્રસ્તાવ.

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક—૨૮—સન ૧૯૮૯નું ગુજરાત સિંચાઈ અને ડ્રેનેજ વિધેયક.

ગુરુવાર, તા. ૨૮મી. ૧. સરકારી વિધેયકો :—

(૧) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક—૪૩—સન ૧૯૮૯નું ગુજરાત (દ્વિતીય પૂરક) વિનિયોગ વિધેયક.

(૨) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક—૩૩—સન ૧૯૮૯નું ગુજરાત લોકાયુક્ત (સુધારા) વિધેયક.

(૩) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક—૧૨—સન ૧૯૮૯નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયક.

૨. દાખલ કરવાના બિન–સરકારી વિધેયકો.

૩. બિન–સરકારી સંકલ્પો.

શુક્રવાર, તા. ૨૯મી. ૧. ગુજરાત વિદ્યુત બોર્ડના સન ૧૯૮૬–૮૭ના વાર્ષિક પ્રશાસકીય અહેવાલની વિચારણા કરવા અંગે સભ્યશ્રી દિલીપભાઈ સંઘાણીનો નિયમ–૧૦૧ અન્વયેનો પ્રસ્તાવ.

૨. 'જીવન જરૂરી ચીજ વસ્તુઓના ભાવ વધારા અંગે' નો સભ્યશ્રી બાબુભાઈ વાસણવાળાનો છેલ્લા દિવસનો પ્રસ્તાવ.

પત્રક ક્રમાંક—૩૦

(જુઓ ફકરા ક્રમાંક. ૩૮)

રોજેરોજના કામકાજનો સારાંશ

સોમવાર, તા. ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૮૯.

૧. મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ ગુજરાત વિધાનસભાના સભ્ય અને રાજ્યના મંત્રી, શ્રી બાબુભાઈ અહમદભાઈ સોપારીવાલાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ વિરોધપક્ષના નેતા, શ્રી ચીમનભાઈ પટેલ તેમજ શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતા, શ્રી મહેન્દ્રભાઈ પટેલ, શ્રીમતી મહાશ્વેતાબહેન ચૌહાણ, શ્રીમતી ઈન્દિરાબહેન સોલંકી, શ્રી દિલીપભાઈ સંઘાણી, શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી અને શ્રી કરમશીભાઈ મકવાણાએ સ્વર્ગસ્થને અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ તેમાં સૂર પુરાવ્યો.

ત્યારબાદ સભ્યશ્રીઓએ થોડીવાર ઉભા થઈને મૌન પાળ્યું.

૨. મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ ગુજરાત વિધાનસભાના માજી સભ્ય અને રાજ્યના માજી મંત્રી, શ્રી માણેકલાલ મગનલાલ ગાંધી, ગુજરાત વિધાનસભાના માજી સભ્યો સર્વશ્રી ધર્મસિંહભાઈ ડાહ્યાભાઈ પટેલ, શિવરાજકુમાર આલાભાઈ ખાચર, પેથાભાઈ ગણેશભાઈ પરમાર, ગોવિંદભાઈ કેશવજી પટેલ, મુંબઈ વિધાનસભાના માજી સભ્યો સર્વશ્રી છોટાલાલ છગનલાલ ભટ્ટ અને રામજીભાઈ પરબતભાઈ વિકાણીના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ વિરોધપક્ષના નેતા, શ્રી ચીમનભાઈ પટેલ તેમજ શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતા, શ્રી પ્રભાતસિંહ પ્ર. ચૌહાણ, શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી હરગોવિંદ ઉપાધ્યાય, શ્રી વીરજીભાઈ મુનિયા, શ્રી નંદકિશોર દવે, શ્રી લક્ષ્મણભાઈ આગઠ, શ્રી અબ્દુલરહીમ ખાલપા, શ્રી કરમશી ભાઈ મકવાણા, શ્રી ભીમજીભાઈ હીરાણી, અને શ્રી પરબતભાઈ ચાવડાએ સ્વર્ગસ્થને અંજલિ આપ્યા બાદ અધ્યક્ષશ્રીએ પણ તેમાં સૂર પુરાવ્યો.

ત્યારબાદ સભ્યશ્રીઓએ થોડીવાર ઉભા થઈને મૌન પાળ્યું.

૩. ત્યારબાદ મુખ્ય મંત્રી, શ્રીઅમરસિંહ ચૌધરીએ પ્રસ્તાવ રજૂ કરતાં જણાવ્યું કે, રાજ્યના મંત્રી શ્રી બાબુભાઈ સોપારીવાલાના માનમાં સભાગૃહની બેઠક મુલતવી રાખવામાં આવે, જેનું વિરોધપક્ષના નેતા, શ્રી ચીમનભાઈ પટેલે સમર્થન કરતાં, અધ્યક્ષશ્રીએ સભાગૃહની સર્વસંમતિથી ગૃહની બેઠક મુલતવી રાખી.

## મંગળવાર, તા. ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૮૯

૧ પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. પ્રશ્નોત્તરી દરમિયાન પ્રશ્ન અગ્રતાક્રમ-૮ ઉપરની ચર્ચા ચાલતી હતી તે દરમિયાન પ્રેક્ષક દીર્ઘામાંથી ત્રણ પ્રેક્ષકોએ "પાક વીમાના પૈસા આપો" એવા સૂત્રોચ્ચાર કરતાં અધ્યક્ષશ્રીના આદેશથી સલામતી દળના સભ્યોએ તેમને દીર્ઘામાંથી દૂર કર્યા.

૩ આ દરમિયાન વિરોધપક્ષના સભ્યોએ મોંઘવારી અને ભાવ વધારા અંગે પોતાના સ્થાન ઉપર ઉભા થઈને "મોંઘવારી હાય, હાય". ના સૂત્રોચ્ચાર કર્યા અને બેનર્સ અને બોટલો પ્રદર્શિત કર્યા.

ત્યારબાદ અધ્યક્ષશ્રીએ સભાગૃહને એક કલાક માટે મુલતવી રાખ્યું.

સભાગૃહ ફરી ૧.૫૮ વાગ્યે મળતાં, વિરોધપક્ષના સભ્યશ્રીઓએ સૂત્રોચ્ચાર કરતાં અધ્યક્ષશ્રીએ સભાગૃહ બપોરના ૩.૧૫ વાગ્યા સુધી મુલતવી રાખ્યું.

સભાગૃહ ૩.૧૫ વાગ્યે ફરી મળ્યું.

વિરોધપક્ષના સભ્યોએ મોંઘવારી અંગે સૂત્રોચ્ચાર કર્યા એ દરમિયાન.

૪. નાણા મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ સન ૧૯૮૯-૯૦ના વર્ષ માટેના ખર્ચનું પૂરક પત્રક રજૂ કર્યું.

૫. તે દરમિયાન સભ્ય, શ્રી ઉદેસિંહ બારીયા અને શ્રી દિલીપભાઈ પટેલ તેમના સ્થાન તરફથી વિરોધપક્ષના સભ્યોની પાટલી તરફ ધસી જતાં અને વિરોધપક્ષના શ્રી અશોક ભટ્ટ પણ સભાગૃહના વચ્ચેના ભાગમાં આવી જતા અને ઉશ્કેરાટ ભરી પરિસ્થિતિ ઉભી થતાં, અધ્યક્ષશ્રીએ સભાગૃહ એક કલાક માટે મુલતવી રાખ્યું.

સભાગૃહ ૪.૧૫ વાગ્યે ફરી મળ્યું.

વિરોધપક્ષના સભ્યોએ "મોંઘવારી કોણ લાવ્યું ? ચૂંટણી ફંડ" એવા સૂત્રોચ્ચાર કર્યા.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે અત્યારની પરિસ્થિતિમાં ગૃહ આગળ ચલાવી શકાય તેમ નથી તેથી સભાગૃહ આવતી કાલ બપોરના ૧૨.૦૦ વાગ્યા સુધી મુલતવી રાખું છું.

## બુધવાર, તા. ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૮૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ તા. ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ સભાગૃહમાં શાસક પક્ષના અમુક સભ્યો વિરોધ પક્ષના સભ્યશ્રીઓની બાજુ ધસી આવી વિરોધપક્ષના અમુક

સભ્ય પર કરેલા શારીરિક હુમલાના બનાવથી સભાગૃહના ગૌરવને હાનિ પહોંચી છે તેમ જણાવી આ બાબતમાં સખત પગલાં લેવાવા જોઇએ તેવી માગણી કરી. વિરોધપક્ષના નેતા, શ્રી ચીમનભાઈ પટેલે આ બાબતને સમર્થન આપતુ પોતાનું મંતવ્ય રજૂ કર્યું.

ત્યારબાદ નાણા મંત્રી, શ્રી અરવિંદભાઈ સંઘવીએ આ બાબતમાં પોતાનુ મંતવ્ય રજૂ કર્યું.

ત્યારબાદ મુખ્ય મંત્રીશ્રી, અમરસિંહ ચૌધરીએ આ બાબતે પોતાનું વકતવ્ય રજૂ કરી તે પૂરૂં કરવા તબકકે હતા તે વખતે વિરોધપક્ષના સભ્યશ્રીઓએ મુખ્ય મંત્રીશ્રીના વકતવ્યનો વિરોધ કરતા તથા બંને પક્ષના સભ્યશ્રીઓ તરફથી સૂત્રોચ્ચાર થતાં અધ્યક્ષશ્રીએ, સભાગૃહ બપોરના ૩.૧૫ વાગ્યા સુધી મુલતવી રાખવાની જાહેરાત કરી.

સભાગૃહ બપોરના ૩.૨૦ વાગ્યે ફરી મળતાં અધ્યક્ષશ્રીએ સભાગૃહ બપોરના ૩.૪૫ વાગ્યા સુધી મુલતવી રાખવાની જાહેરાત કરી.

ત્યારબાદ સભાગૃહ બપોરના ૩.૪૫ વાગ્યે ફરી મળતાં, અધ્યક્ષશ્રીએ તા. ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ ૧૨.૦૦ વાગ્યા સુધી સભાગૃહ મુલતવી રાખવાની જાહેરાત કરી.

## ગુરૂવાર, તા. ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૮૯.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. સંસદીય બાબતોના મંત્રી, શ્રી નલિન પટેલે તા. ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજના બનેલા બનાવો અંગે જણાવ્યું કે, ભૂતકાળમાં આવા બનાવો બન્યા નથી તેમજ ભવિષ્યમાં આવા બનાવો ન બને તેની કાળજી રાખવા સાથે બનેલા બનાવ અંગે શાસક પક્ષ તરફથી દિલગીરી વ્યકત કરી.

વિરોધપક્ષના નેતા, ચીમનભાઈ પટેલે પણ ભવિષ્યમાં કાળજી રાખવાની ખાતરી સાથે વિરોધપક્ષ તરફથી પણ જે ક્ષતિ થયેલી તે અંગે દિલગીરી વ્યકત કરી.

અધ્યક્ષશ્રીએ બન્ને પક્ષ તરફથી જે ખેલદિલી દર્શાવાઈ તેનો આનંદ વ્યકત કર્યો અને સત્રના બાકીના દિવસો પણ આનંદથી પસાર થાય તેવી આશા વ્યકત કરી.

૩. રાજ્ય ચર્મોદ્યોગ વિકાસ નિગમની રચના કરવા અંગેનું કુટિર ઉદ્યોગ મંત્રી, શ્રી મનુભાઈ પરમારે નિયમ-૪૪ હેઠળનું નિવેદન કર્યું.

૪. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા—

(૧) સન ૧૯૮૯નો વટહુકમ ક્રમાંક-૧. સન ૧૯૮૯નો મહારાજા સયાજીરાવ વડોદરા યુનિવર્સિટી (સુધારા) વટહુકમ.

—શિક્ષણ મંત્રી, શ્રી અરવિંદભાઈ સંઘવી

(૨) સન ૧૯૮૯નો વટહુકમ ક્રમાંક-૨. સન ૧૯૮૯નો ગુજરાત સિંચાઈ અને ડ્રેનેજ વટહુકમ.

—જળસંપત્તિ મંત્રી, મહંતશ્રી વિજયદાસજી

(૩) પંચાયત મંત્રી, શ્રી હરિસિંહ મહિડા, સન ૧૯૮૯ના વટહુકમ ક્રમાંક-૩, સન ૧૯૮૯નો ગુજરાત પંચાયત (સુધારા) વટહુકમ સભાગૃહના મેજ ઉપર મૂકવાના તબક્કે, શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતા એ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી જણાવ્યું કે, આ વટહુકમમાં તે પ્રસિદ્ધ થયા બાદ જે સુધારો બહાર પાડવામાં આવ્યો છે તે રાજ્યપાલશ્રીની સહીથી પ્રસિદ્ધ કરવાને બદલે વિભાગીય અધિકારીની સહીથી બહાર પાડવામાં આવેલ છે તે યોગ્ય નથી. સભાપતિ (શ્રી ગોવિંદભાઈ પટેલ)એ મુદ્દો સ્વીકારીને આ બાબતને રજૂ કરવાનું મુલતવી રાખવા અંગેનો નિર્ણય આપ્યો.

(૪) સન ૧૯૮૯નો વટહુકમ ક્રમાંક-૪, સન ૧૯૮૯ નો ગુજરાત આકસ્મિક ફંડ (સુધારા) વટહુકમ.

— નાણા મંત્રી, શ્રી અરવિંદભાઈ સંઘવી

(૫) ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૫-૮૬ નો વાર્ષિક અહેવાલ.

— રાજ્યકક્ષાના કૃષિ મંત્રી, શ્રી કરસનજી ઠાકોર

(૬) ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૭-૮૮ નો વાર્ષિક અહેવાલ.

—રાજ્યકક્ષાના આદિજાતિ કલ્યાણ મંત્રી, શ્રી લલિતકુમાર પટેલ

(૭) સન ૧૯૮૦ના ગુજરાત પશુધન સુધારણા અધિનિયમ અન્વયેની કૃષિ અને ગ્રામ વિકાસ વિભાગની તા. ૧૮-૫-૧૯૮૯ ની અધિસૂચના.

— રાજ્યકક્ષાના કૃષિ મંત્રી, શ્રી કરસનજી ઠાકોર

(૮) સન ૧૯૬૦ના ગુજરાત નવા રાજધાની (ઘેરાવા) નિયંત્રણ અધિનિયમની અન્વયેની માર્ગ અને મકાન વિભાગની તા. ૧૩ મી ઓક્ટોબર, ૧૯૮૮ ની અધિસૂચના.

— માર્ગ અને મકાન મંત્રીશ્રી નલિનભાઈ પટેલ

(૯) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગની સાત અધિસૂચનાઓ.

— પંચાયત મંત્રી, શ્રી હરિસિંહ મહિડા

(૧૦) ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગની બે અધિસૂચનાઓ

રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી, શ્રી ભીખાભાઈ રબારી

૫. સચિવશ્રીએ સાતમી ગુજરાત વિધાનસભાના નવમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૧૯૮૯ના વિધેયક ક્રમાંક: ૨૦, ૨૩, ૨૪, ૨૫, ૨૬ અને ૨૭ વિધાનસભાના મેજ ઉપર મૂકયાં.

૬. (૧) બિનસરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ શ્રીમતી મહાશ્વેતાબહેન ચૌહાણે સમિતિનો છેંતાળીસમો અહેવાલ રજૂ કર્યો.

(૨) અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખ શ્રી મોહનભાઈ તળાવિયાએ સમિતિનો ચોવીસમો અને પચીસમો અહેવાલ રજૂ કર્યો.

(૩) પંચાયતી રાજ સમિતિના સભ્ય શ્રી અરશીભાઈ કામલિયાએ સમિતિનો અગિયારમો અહેવાલ રજૂ કર્યો.

(૪) અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખ શ્રી ભીમજીભાઈ હિરાણીએ સમિતિનો પંદરમો અહેવાલ રજૂ કર્યો.

૭. બિનસરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રીમતી મહાશ્વેતાબહેન ચૌહાણે પ્રસ્તાવ રજૂ કર્યો કે—

"આ સભાગૃહ, બિનસરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના છેંતાળીસમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૮. સરકારી વિધેયકો—

(૧) મહેસૂલ મંત્રી, શ્રી અમરસિંહજી વાઘેલાએ સન ૧૯૮૯નું ગુજરાત ખેત જમીન ટોચ-મર્યાદા (સુધારા) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૨) સંસદીય બાબતોના મંત્રીશ્રી, નલિન પટેલે સન ૧૯૮૯નું ગુજરાત લોકાયુક્ત (સુધારા) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૩) (ક) શ્રી અમરતલાલ અધારાએ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૫૨ (૨) અન્વયેનો પ્રસ્તાવ રજૂ કર્યો કે—

"આ સભાગૃહ, સન ૧૯૮૯ના વટહુકમ ક્રમાંક-૪, સન ૧૯૮૯ના ગુજરાત આકસ્મિક ફંડ (સુધારા) વટહુકમ નામંજૂર કરે."

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૩૦.

સન ૧૯૮૯નું ગુજરાત આકસ્મિક ફંડ (સુધારા) વિધેયક.

નાણા મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ ઉક્ત વિધેયક દાખલ કર્યું અને વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

નિયમ ૧૫૨(૨)નો પ્રસ્તાવ અને વિધેયકના પ્રથમ વાચનના પ્રસ્તાવ પર ભેગી ચર્ચા શરૂ થઈ અને છ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો—

૯. શ્રી દિલીપભાઈ સંઘાણીના પ્રવચન દરમિયાન પ્રેક્ષક દીર્ઘામાંથી ૧૨ જેટલી વ્યક્તિઓએ સૂત્રોચ્ચાર કરતાં સલામતી દળના સભ્યોએ તેમની ધરપકડ કરી અને તેમને સભાપતિશ્રીની સૂચનાથી દીર્ઘામાંથી દૂર કર્યા.

સંસદીય બાબતોના મંત્રી, શ્રી નલિન પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે—

"આ વ્યકિતઓએ ગૃહની નજર સમક્ષ ગેરવર્તાવ કર્યો છે અને સભાગૃહનું અવમાન કર્યું છે. તેથી તેમને એક દિવસની સાદી કેદની સજા કરવામાં આવે."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૧૦. બિનસરકારી વિધેયકો

(ક) દાખલ કરવાનાં બિનસરકારી વિધેયકો—

(૧) શ્રી ફતેસિંહ સોઢાએ "સન ૧૯૮૯નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક" સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૨) શ્રી ભાઈલાલભાઈ ડાભીએ "સન ૧૯૮૯નું ગુજરાત રાજભાષા (સુધારા) વિધેયક" સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૩) શ્રી ફતેસિંહ સોઢાએ "સન ૧૯૮૯નું ગુજરાત જાહેર સેવા આયોગ (વધારાના કામો) વિધેયક" સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૪) શ્રી ઉદેસિંહ દરબારે "સન ૧૯૮૯નું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (ગુજરાત સુધારા) વિધેયક" સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૫) શ્રી ભાઈલાલભાઈ ડાભીએ "સન ૧૯૮૯નું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (ગુજરાત સુધારા) વિધેયક" સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૬) શ્રી ભાઈલાલભાઈ ડાભીએ "સન ૧૯૮૯નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક" સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૭) શ્રી મહંમદભાઈ પટેલ સભાગૃહમાં હાજર નહીં હોવાથી તેમનું "સન ૧૯૮૯નું ગુજરાત વિધવા કલ્યાણ કોરપોરેશન" વિધેયક દાખલ કરી શકાયું નહીં.

(૮) શ્રી ઉપેન્દ્ર ત્રિવેદીએ "સન ૧૯૮૯નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક" સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૯) શ્રી મહંમદભાઈ પટેલ સભાગૃહમાં હાજર નહીં હોવાથી તેમનું "સન ૧૯૮૯નું ગુજરાત રાજ્ય કાયદાના પ્રાધિકૃત પાઠ વિધેયક" દાખલ કરી શકાયું નહીં.

(૧૦) શ્રી બાબુભાઈ વાસણવાળાએ "સન ૧૯૮૯નું સામાજીક નિરયોગ્યતા અટકાવવા બાબત વિધેયક" સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૧૧) શ્રી ઉદેસિંહ દરબારે "સન ૧૯૮૯નું પ્રેસીડેન્સી સ્મોલ કોઝ કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયક" સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

નીચેના બિનસરકારી વિધેયકોના પહેલા વાચનના પ્રસ્તાવો રજૂ થયા તેના પર ચર્ચા થઈ અને ચર્ચા બાદ સભાગૃહની અનુમતિથી તે વિધેયકો પાછા ખેંચી લેવામાં આવ્યા.—

(૧) સન ૧૯૮૫નું વિધેયક ક્રમાંક—૨૬,
સન ૧૯૮૫નું મુંબઈ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક
—પ્રભારી સભ્ય શ્રીમતી મહાશ્વેતાબહેન ચૌહાણ.

(૨) સન ૧૯૮૬નું વિધેયક ક્રમાંક–૨૮,
સન ૧૯૮૫નું ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા નાબૂદી અને પુનર્વિકાસ) (સુધારા) વિધેયક.
—પ્રભારી સભ્ય શ્રી બાબુભાઈ વાસણવાળા.

(૩) સન ૧૯૮૭નું વિધેયક ક્રમાંક—૨૩,
સન ૧૯૮૭નું ગુજરાત ખેત કામદાર વિધેયક
—પ્રભારી સભ્ય શ્રી હરિપ્રસાદ શુક્લ.

**શુક્રવાર, તા.૨૨મી સપ્ટેમ્બર, ૧૯૮૯**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યાં.

૨. શ્રી મૂળરાજસિંહ પરમારે નિયમ ૧૧૬ અન્વયે "ખેડા જિલ્લાના નડિયાદ ખાતે થયેલા ખૂન અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના ગૃહ મંત્રી શ્રી, વજુભાઈ જાનીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યાં.

૩. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલા મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા—

(૧) સન ૧૯૬૯ના ગુજરાત વેચાણવેરા અધિનિયમ, અન્વયેની નાણા વિભાગની આઠ અધિસૂચનાઓ.
—નાણા મંત્રી, શ્રી અરવિંદભાઈ સંઘવી.

(૨) સન ૧૯૭૬ના ગુજરાત રાજ્ય વ્યવહાર, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ અન્વયેની નાણા વિભાગની બે અધિસૂચનાઓ.

—નાણા મંત્રી,શ્રી અરવિંદભાઈ સંઘવી.

(૩) સન ૧૯૮૬ના ગ્રાહક સુરક્ષા અધિનિયમ, અન્વયેની અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની તા. ૫–૮–૮૯ની અધિસૂચના.

—અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી,
શ્રી મગનભાઈ સોલંકી.

(૪) બંદરો, વાહનવ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગની—

(ક) સન ૧૯૩૯ના મોટર વાહન અધિનિયમ અન્વયેની દસ અધિસૂચનાઓ.

(ખ) સન ૧૯૫૮ની મુંબઈ મોટર વાહન કર અન્યેની આઠ અધિસૂચનાઓ.

(ગ) સન ૧૯૬૨ના ગુજરાત કેરેજ ઓફ ગુડઝ ટેક્સેશન અધિનિયમ અન્વયેની બે અધિસૂચનાઓ.

(ઘ) સન ૧૯૮૮ના મોટર વાહન અધિનિયમ અન્વયેની એક અધિસૂચના.

—વાહન વ્યવહાર મંત્રી,
શ્રી મગનભાઈ સોલંકી.

(૫) સન ૧૯૪૮ના મુંબઈ દુકાનો અને સંસ્થાઓ અધિનિયમ અન્વયેની તા. ૧-૮-૮૯ની શ્રમ અને રોજગાર વિભાગની બે અધિસૂચનાઓ.

—શ્રમ મંત્રી, શ્રી મનુભાઈ પરમાર.

(૬) સન ૧૯૬૩ના ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ અન્વયેની સહકાર વિભાગની બે અધિસૂચનાઓ

—સહકાર મંત્રી, શ્રી મનુભાઈ પરમાર.

૪. અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો ત્રેપનમો અહેવાલ રજૂ કર્યો.

૫. સંસદીય બાબતોના મંત્રી, શ્રી નલિન પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે—

"આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના ત્રેપનમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

### ૬. પોઈન્ટ ઓફ઼ ઓર્ડર

શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ પોઈન્ટ ઓફ઼ ઓર્ડર ઉઠાવીને જણાવ્યું કે, રાજ્યપાલશ્રીએ જે વટહુકમ ક્રમાંક : ૩ બહાર પાડ્યો છે તેમાં પાછળથી જે સુધારો (કોરીજેન્ડમ) બહાર પાડવામાં આવ્યો છે. તેમાં રાજ્યપાલશ્રીની સહીને બદલે અધિકારીની સહી છે. જે ગેરકાયદે છે. તેથી તે રજૂ કરી શકાય નહીં.

સંસદીય બાબતોના મંત્રી, શ્રી નલિન પટેલે ખુલાસો કરતાં જણાવ્યું કે, પંચાયત મંત્રીશ્રીએ કેવા સંજોગોમાં આ સુધારો પ્રસિદ્ધ કરવો પડ્યો તે અહીં જણાવ્યું છે અને પ્રસિદ્ધ કરેલો સુધારો તેઓ રદ કરે છે.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, જે રીતે કોરીજેન્ડમ પ્રસિદ્ધ થયું છે તે ઘણું ખોટું થયું છે, આ ગંભીર ભૂલ છે. તેથી આ સુધારો પાછો ખેંચી લેવાની દરખાસ્ત મંત્રીશ્રીએ લાવવી જોઈએ. અધ્યક્ષશ્રીએ વધુમાં, આવી બાબતોમાં મંત્રીશ્રી અને વિભાગે ખૂબ કાળજીથી વર્તવું જોઈએ તેવું અવલોકન કર્યું.

૭. ત્યારબાદ પંચાયત મંત્રી, શ્રી હરિસિંહ મહિડાએ ઉક્ત સુધારો સભાગૃહની અનુમતિથી પાછો ખેંચી લીધો. અને સન ૧૯૮૯નો વટહુકમ ક્રમાંક : ૩, સન ૧૯૮૯નો ગુજરાત પંચાયત સુધારા વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂક્યું.

૮. શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી "સાબરકાંઠામાં યોજાયેલ સભારંભ દરમિયાન કિસાન સંઘે કરેલા દેખાવો અંગે ખેડૂતો ઉપર લાગુ કરવામાં આવેલી આતંકધારાની જોગવાઈઓ" અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના ગૃહ મંત્રી, શ્રી વજુભાઈ જાનીએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

### ૯. સરકારી વિધેયકો અને વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો

૧ (ક) શ્રી અમરતલાલ અઘારાનો નિયમોના નિયમ ૧૫૨(૨) અન્વયેનો પ્રસ્તાવ એટલે કે:—

"આ સભાગૃહ, સન ૧૯૮૯નો વટહુકમ ક્રમાંક—૪, સન ૧૯૮૯નો ગુજરાત આકસ્મિક ફંડ (સુધારા) વટહુકમ નામંજૂર કરે." તથા

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક—૩૦

સન ૧૯૮૯નું ગુજરાત આકસ્મિક ફંડ (સુધારા) વિધેયકના પ્રથમ વાંચનનો પ્રસ્તાવ—

ઉપર્યુક્ત બંને બાબતો ઉપર ગુરુવાર, તા. ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી.

નાણા મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ વિધેયકના પહેલા વાંચનના પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપ્યો.

શ્રી અમરતલાલ અઘારાએ તેમના પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપ્યો.

નિયમ ૧૫૨(૨) અન્વયેનો ઉપર્યુક્ત પ્રસ્તાવ મત ઉપર મૂકાતાં અને તેનો અસ્વીકાર થતાં ઉક્ત વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ મંજૂર થયો. વિધેયકના બીજા વાચનનો પ્રસ્તાવ મંજૂર થયા બાદ કલમ-૨ ઉપર શ્રી બાબુભાઈ વાસણવાળાએ સુધારો રજૂ કર્યો. ચર્ચાને અંતે સુધારાનો અસ્વીકાર થયો.

કલમ-૨, ૩ કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલાનો સ્વીકાર થયા બાદ વિધેયકનું ત્રીજું વાચન થતાં વિધેયક પસાર થયું.

૨ (ક) શ્રી દિલીપભાઈ સંઘાણીએ નિયમોના નિયમ ૧૫૨(૨) અન્વયેનો પ્રસ્તાવ રજૂ કર્યો—

"આ સભાગૃહ સન ૧૯૮૯નો વટહુકમ ક્રમાંક-૧, સન ૧૯૮૯નો મહારાજા સયાજીરાવ વડોદરા યુનિવર્સિટી (સુધારા) વટહુકમ નામંજૂર કરે."

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક ૨૯.

સન ૧૯૮૯નું મહારાજા સયાજીરાવ વડોદરા યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક.

શિક્ષણ મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ ઉક્ત વિધેયક દાખલ કર્યું અને વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

નિયમ ૧૫૨(૨)નો પ્રસ્તાવ અને વિધેયકના પ્રથમ વાચનના પ્રસ્તાવ પર ભેગી ચર્ચા શરૂ થઈ.

બે સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

નિયમ ૧૫૨ (૨) અન્વયેનો ઉપર્યુક્ત પ્રસ્તાવ મત ઉપર મૂકાતાં અને તેનો અસ્વીકાર થતાં ઉક્ત વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ મંજૂર થયો.

વિધેયકના બીજા વાચનનો પ્રસ્તાવ મંજૂર થયો.

કલમ ૨ અને ૩ના સ્વીકાર બાદ કલમ ૧ ઉપર શ્રી જયંતીલાલ કાલરિયાએ સુધારો રજૂ કર્યો અને સુધારાનો સ્વીકાર થતાં; સુધારેલી કલમ ૧નો સ્વીકાર થયો અને દીર્ઘસંજ્ઞા તથા ઈનેકટિંગ ફોર્મ્યુલાનો સ્વીકાર થયા બાદ વિધેયકનું ત્રીજું, વાંચન થયું અને સુધારેલા સ્વરૂપમાં વિધેયક પસાર થયું.

૩ (ક) શ્રી દિલીપભાઈ સંઘાણીએ નિયમોના નિયમ ૧૫૨(૨) અન્વયેનો નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો કે—

"આ સભાગૃહ સન ૧૯૮૯નો વટહુકમ ક્રમાંક-૩ સન ૧૯૮૯નો ગુજરાત પંચાયત (સુધારા) વટહુકમ નામંજૂર કરે."

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક—૩૧.

સન ૧૯૮૯નું ગુજરાત પંચાયત (દ્વિતીય સુધારા) વિધેયક.

પંચાયત મંત્રી, શ્રી હરિસિંહ મહિડાએ ઉક્ત વિધેયક દાખલ કર્યું અને વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો—

નિયમ ૧૫૨(૨) નો પ્રસ્તાવ અને વિધેયકના પહેલા વાચનના પ્રસ્તાવ પર ભેગી ચર્ચા શરૂ થઈ અને ચૌદ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધા બાદ પંચાયત મંત્રીશ્રી હરિસિંહ મહિડાએ ઉક્ત વિધેયકના પહેલા વાચનના પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપ્યો.

શ્રી દિલીપભાઈ સંઘાણીએ તેમના ૧૫૨(૨) અન્વયેના પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપ્યો.

નિયમ ૧૫૨(૨) અન્વયેનો ઉપર્યુક્ત પ્રસ્તાવ મત ઉપર મૂકાતાં અને તેનો અસ્વીકાર થતાં ઉક્ત વિધેયક ત્રણેય વાંચનમાંથી પસાર થયું.

**સોમવાર, તા. ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૮૯.**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. સભાત્યાગ.

પ્રશ્ન અગ્રતાક્રમ ૧૫ના પ્રશ્નોના જવાબથી અસંતોષ થતાં વિરોધપક્ષના હાજર રહેલા કેટલાક સભ્યોએ સભા ત્યાગ કર્યો.

૩. શ્રી શંકરજી ઓ. ઠાકોરે નિયમ ૧૧૬ અન્વયે "ખેરાલુ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ફાટી નીકળેલા કોમી હુલ્લડ અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી, શ્રી વજુભાઈ જાનીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૪. શેરડી કાપણીના કામમાં રોકાયેલા છૂટક કામદારો માટે છૂટક કામના દર નક્કી કરવા અંગે શ્રમ મંત્રી, શ્રી મનુભાઈ પરમારે નિયમ-૪૪ હેઠળ નિવેદન કર્યું.

ગ. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા—

(૧) ગુજરાત રાજ્ય તકેદારી આયોગનો ચોવીસમો વાર્ષિક અહેવાલ (તા. ૧-૪-૮૭થી ૩૧-૧૨-૮૭ સુધી).

—મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરી.

(૨) ગુજરાત મેરીટાઈમ બોર્ડના સન ૧૯૮૭—૮૮ના વાર્ષિક અહેવાલ

—રાજ્ય કક્ષાના મત્સ્યોદ્યોગ મંત્રી, શ્રી હસમુખભાઈ પટેલ.

(૩) સન ૧૯૮૬ના ગુજરાત લોકાયુક્ત અધિનિયમ અન્વયેની ગૃહ વિભાગની તા. ૯મી મે, ૧૯૮૯ની અધિસૂચના.

—મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરી.

(૪) સન ૧૯૭૭ના ગુજરાત મનોરંજન કર અધિનિયમ અન્વયેની માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગની અગિયાર અધિસૂચનાઓ

—મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરી.

(૫) સન ૧૯૫૩ના મુંબઈ સિનેમા (નિયમન) અધિનિયમ અન્વયેની માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગની અધિસૂચના

—મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધર.

(૬) ગુજરાત રાજ્ય બંધ કાપડની મિલો માટે રાજ્ય સરકારે બહાર પાડેલ શ્વેતપત્ર.

—મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરી.

૬. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શરૂઆતમાં મુખ્યમંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ સન ૧૯૮૯—૯૦ના વર્ષ માટેની પૂરક માગણીઓની વિચારણા કરવા માટેની રાજ્યપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવી.

ત્યાર બાદ ગૃહ વિભાગને લગતી પૂરક માંગણી ક્રમાંક: ૪૧, મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ રજૂ કરી. જળસંપત્તિ વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક: ૧૦૨, જળસંપત્તિ અને નર્મદા વિકાસ મંત્રી, શ્રી મહંત, શ્રી વિજયદાસજી એ રજૂ કરી. ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગને લગતી પૂરક માંગણી ક્રમાંક: ૪૭, રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી, શ્રી ભીખાભાઈ રબારીએ રજૂ કરી. કૃષિ અને ગ્રામ વિકાસ વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક: ૨, કૃષિ,

ગ્રામ વિકાસ અને સમાજ કલ્યાણ મંત્રી, શ્રી દોલતભાઈ પરમારે રજૂ કરી. શિક્ષણ વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક : ૧૦ અને નાણા વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક : ૧૬, નાણા અને શિક્ષણ મંત્રી, શ્રી અરવિંદભાઈ સંઘવીએ રજૂ કરી.

ઉપરોક્ત પૂરક માગણી ક્રમાંક : ૪૧ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૧, ૨ અને ૩, પૂરક માગણી ક્રમાંક : ૧૦ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૪, ૫, અને ૬, પૂરક માગણી ક્રમાંક ૪૭ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૭, ૯, ૧૦, ૧૧ અને ૧૨ પૂરક માગણી ક્રમાંક ૨ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૧૩, ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ તથા પૂરક માગણી ક્રમાંક : ૧૦ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩ અને ૨૪ સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપાધ્યક્ષશ્રીએ પૂરક માગણીઓની ચર્ચાની મર્યાદા અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યાર બાદ ઉપરોક્ત પૂરક માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપદરખાસ્ત ઉપર ભેગી ચર્ચા શરૂ થઈ અને ચૌદ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ રાજ્યકક્ષાના ગૃહમંત્રી, શ્રી વજુભાઈ જાની, જળ સંપત્તિ મંત્રી, મહંત, શ્રી વિજયદાસજી રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી, શ્રી ભીખાભાઈ રબારી, કૃષિ મંત્રી, શ્રી દોલતભાઈ પરમાર અને શિક્ષણ અને નાણા મંત્રી, શ્રી અરવિંદભાઈ સંઘવીએ આપ્યા.

પ્રથમ ઉપર્યુક્ત પૂરક માગણીઓ પર રજૂ થયેલી કાપદરખાસ્ત ક્રમાંક : ૧ થી ૭, ૯ થી ૧૩ અને ૧૫ થી ૨૪ એકીસાથે મત ઉપર મૂકાતાં તેનો અસ્વીકાર થયો.

પૂરક માગણી ક્રમાંક ૪૧, ૧૦૨, ૪૭, ૨, ૧૦ અને ૧૬ મત ઉપર મૂકાતાં તેનો સ્વીકાર થયો.

૭. શ્રી અશોક ભટ્ટે નિયમ-૧૦૧ અન્વયે "બંધ પડેલી કાપડની મિલો માટે તાજેતરમાં રાજ્ય સરકારે બહાર પાડેલ શ્વેતપત્રમાં સમાવિષ્ટ બાબતોની આ સભાગૃહ ચર્ચા કરે." તે અંગેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

આઠ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ આપ્યો.

**મંગળવાર, તા. ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૮૯**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રીમતી મહાશ્વેતાબહેન ચૌહાણે નિયમ ૧૧૬ અન્વયે "જૂનિયર ડૉક્ટરોના ગાંધીનગરના દેખાવો દરમિયાન પોલીસના સોટીમાર-લાઠીમાર અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના ગૃહ મંત્રી, શ્રી વજુભાઈ જાનીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. શ્રી અશોક ભટ્ટે ઔચિત્ય ભંગનો મુદ્દો ઉપસ્થિત કરીને જણાવ્યું કે, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પક્ષના કાર્યક્રમ માટે આપેલા નિમંત્રણમાં "વિધાનસભાના સભ્યોને અપાતી સ્ટેશનરી અને તેના ઉપરના રાષ્ટ્ર ચિન્હનો દુરુપયોગ કર્યો છે" અને તેના સમર્થનમાં તેમણે રાષ્ટ્રચિન્હના ઉપયોગ અંગેના સરકારના પરિપત્રને ટાંકીને જણાવ્યું કે આ રીતે સ્ટેશનરીનો દુરુપયોગ કરીને જિલ્લા કોંગ્રેસ સમિતિએ સભાગૃહનું અવમાન કર્યું છે.

સંસદીય બાબતોના મંત્રી, શ્રી નલિન પટેલે આ અંગે તપાસ કરીને તા. ૨૭-૯-૮૯ના રોજ ખુલાસો કરશે તેમ જણાવતાં આ પ્રશ્ન આવતી કાલના દિવસ માટે મુલતવી રાખવામાં આવ્યો.

૪. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા—

(૧) ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૭—૮૮ નો અગિયારમો વાર્ષિક અહેવાલ.

—કૃષિ મંત્રી, શ્રી દોલતભાઈ પરમાર.

(૨) ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૬-૮૭નો વાર્ષિક અહેવાલ.

—રાજ્યકક્ષાના કૃષિ મંત્રી, શ્રી કરશનજી ઠાકોર.

(૩) ગુજરાત કૃષિ વિશ્વ વિદ્યાલયના સન ૧૯૮૨-૮૩, ૧૯૮૩-૮૪, ૧૯૮૪-૮૫, ૧૯૮૫-૮૬ના વાર્ષિક વહીવટી અહેવાલો અને સન ૧૯૭૬-૭૭ના ઓડિટ રિપોર્ટ.

—રાજ્યકક્ષાના કૃષિ મંત્રી,શ્રી કરશનજી ઠાકોર.

૫. (૧) વિશેષાધિકાર સમિતિના પ્રમુખ, શ્રી નવીનભાઈ શાસ્ત્રીએ સમિતિનો બીજો અને ત્રીજો અહેવાલ રજૂ કર્યો.

(૨) જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખ, શ્રી નાથુભાઈ પટેલે સમિતિનો ઓગણીસમો, વીસમો, એકવીસમો અને બાવીસમો અહેવાલ રજૂ કર્યો.

## ૬. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક-૩૬, રાજ્યકક્ષાના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી, શ્રીમતી શાન્તાબહેન મકવાણાએ રજૂ કરી.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક : ૬૬, મહેસૂલ અને ગૃહનિર્માણ મંત્રી, શ્રી અમરસિંહજી વાઘેલાએ રજૂ કરી.

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક: ૧૯ તેમજ બંદરો, વાહન વ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક: ૭૧ અન્ન અને નાગરિક પુરવઠા તથા વાહન વ્યવહાર મંત્રી, શ્રી મગનભાઈ સોલંકીએ રજૂ કરી.

માર્ગ અને મકાન વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક : ૮૨ અને ૮૫ માર્ગ અને મકાન મંત્રી, શ્રી નલિન પટેલે રજૂ કરી.

સહકાર વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક : ૭ તેમજ શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક : ૯૮ શહેરી વિકાસ, શ્રમ, સહકાર અને કુટિર ઉદ્યોગ મંત્રી, શ્રી મનુભાઈ પરમારે રજૂ કરી.

આદિજાતિ વિકાસ વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક : ૯૫ રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ, આદિજાતિ વિકાસ મંત્રી, શ્રી લલીતકુમાર પટેલે રજૂ કરી.

ઉપરોક્ત પૂરક માગણી ક્રમાંક : ૩૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૧, પૂરક માગણી ક્રમાંક : ૬૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૨, પૂરક માગણી ક્રમાંક : ૧૯ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૩, પૂરક માગણી ક્રમાંક : ૭૧ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૪, ૫, અને ૬, પૂરક માંગણી ક્રમાંક : ૮૨ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૭, પૂરક માગણી ક્રમાંક : ૮૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૮ અને ૯, પૂરક માગણી ક્રમાંક : ૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૦ અને ૧૧, તેમજ પૂરક માગણી ક્રમાંક : ૯૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૨ અને ૧૫ સભ્યશ્રીઓએ રજૂ કરી.

શરૂઆતમાં ઉપાધ્યક્ષશ્રીએ ગિલોટિન અંગેની જાહેરાત કરી.

ઉપરોક્ત પૂરક માગણીઓ અને તેની ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા શરૂ થઈ અને અગિયાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો

## ૭. સરકારી પ્રસ્તાવ :

### જળ સંપત્તિ મંત્રીશ્રીનો નિયમ–૧૦૧ અન્વયેનો પ્રસ્તાવ

જળ સંપત્તિ મંત્રી, મહંત શ્રી વિજયદાસજીએ નીચેનો નિયમ ૧૦૧ અન્વયેનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તે અંગે ટૂંકું પ્રવચન કર્યું.

"ગુજરાતના પાણી વિહોણા અસરગ્રસ્ત વિસ્તારોને સિંચાઈ દ્વારા નવપલ્લવિત કરવા માટે તથા લગભગ ત્રણ કરોડની વસતિને કાયમી કરવા પીવાનું પાણી પૂરું પાડવા માટે સરદાર સરોવર યોજના સિવાય કોઈ આધારભૂત વિકલ્પ નથી: ગુજરાતની કાયાપલટ કરવા માટે નર્મદા નદીનું જળ એ એકજ સાધન ઉપલબ્ધ છે. સરદાર સરોવર યોજનાનો ઝડપી અમલ એ જ ગુજરાતની જનતાને જીવિત રાખવા માટેનો આધાર છે. તેથી જ આપણે એને ગુજરાતની જીવાદોરી તરીકે બિરદાવીએ છીએ. કેટલાક પર્યાવરણવાદીઓ પર્યાવરણના નામે સરદાર સરોવર યોજનાનો એક યા બીજા ખોટા બહાના નીચે વિરોધ કરે છે, તેને સખ્ત શબ્દોમાં વખોડી કાઢવામાં આવે. સરદાર સરોવર યોજનાનો જલદી અમલ કરવાના દઢ નિર્ધાર આ સભાગૃહ સર્વાનુમતે વ્યક્ત કરે છે."

ત્યારબાદ ચાર સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ જળ સંપત્તિ મંત્રી, મહંત શ્રી વિજયદાસજીએ આપ્યો. પ્રસ્તાવનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

૮. અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો ચોપનમો અહેવાલ રજૂ કર્યો.

૯. સંસદીય બાબતોના મંત્રી, શ્રી નલિન કે. પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે—

"આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના ચોપનમા અહેવાલ સાથ સંમત થાય".

પ્રસ્તાવ મત માટે મૂકાતાં તેનો સ્વીકાર થયો.

૧૦. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (ક્રમશ:)

ચર્ચાનો જવાબ રાજ્યકક્ષાના વન, પર્યાવરણ અને આદિજાતિ વિકાસ મંત્રી, શ્રી લલિત-કુમાર પટેલ, માર્ગ અને મકાન મંત્રી, શ્રી નલિન પટેલ, અન્ન અને નાગરિક પુરવઠા તથા વાહન વ્યવહાર મંત્રી, શ્રી મગનભાઈ સોલંકીએ આપ્યો. આ તબક્કે ગિલોટિન માટેનો નિર્ધારિત સમય થતાં, સાંજના ૬.૧૫ વાગ્યે ગિલોટિન લાગુ પાડવામાં આવ્યું, અને ઉકત માગણીઓ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૧ થી ૧૩ મત ઉપર મૂકાતાં તેનો અસ્વીકાર થયો.

પૂરક માગણી ક્રમાંક : ૩૬, ૬૬, ૧૯, ૭૧, ૮૨, ૮૫, ૭, ૯૮ અને ૯૫ મત ઉપર મૂકાતાં તેનો સ્વીકાર થયો.

બાકીની પૂરક માગણીઓ ક્રમાંક : ૨૮, ૩૦, ૪૨, ૪૩, ૫૪, ૪૯, ૬૪, ૩૫, ૩૮, ૩૯, ૩, ૪, ૮૯, ૯૧, ૧૧, ૧૨, ૫૯, ૭૪, ૭૫, ૯૭, ૮૩, ૮૪, ૮૬ અને ૬૯ સંબંધિત મંત્રીશ્રીઓએ વારાફરતી રજૂ કરી. પૂરક માગણી ક્રમાંક-૩૩ અધ્યક્ષશ્રીએ રજૂ કરી.

પૂરક માગણીઓ મત ઉપર મૂકાતાં તેનો સ્વીકાર થયો.

અધ્યક્ષશ્રીએ રજ કરેલી પૂરક માગણી ક્રમાંક ૩૩ વિના વિરોધે સ્વીકારવામાં આવી.

બુધવાર, તા. ૭મી સપ્ટેમ્બર, ૧૯૮૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. કાયદા મંત્રી, શ્રી નલિન પટેલે તા. ૨૯મી જૂન, ૧૯૮૮ના રોજ મુલતવી રહેલા અને ફરી તા. ૧૩મી જુલાઈ, ૧૯૮૮ના રોજ ગૃહમાં રજૂ થયેલા સભ્ય, શ્રી લીલાધરભાઈ વાઘેલાંના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૨૧૮૨૩ના જવાબમાં સુધારો કરતું નિવેદન રજૂ કર્યું.

૩. વિરોધપક્ષના નેતા, શ્રી ચીમનભાઈ પટેલે "ખેડા જિલ્લાના નડિયાદ ખાતેની અદાલતના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાથે પોલીસે તાજેતરમાં કરેલા દુર્વ્યવહારને પરિણામે ગુજરાત ભરમાં પોલીસની દુઃસાહસ ભરેલી કાર્યવાહીના અતિ ઘેરા અને ગંભીર પ્રત્યાઘાતો પડેલા છે અને તેને લીધે ઉભા થયેલા પ્રશ્નોની વિચારણા માટે આ સભાગૃહ મોકૂફ રાખવામાં આવે." તેવા પ્રસ્તાવને રજૂ કરવાની અનુમતિ માગી.

અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે, પ્રસ્તાવ રજૂ કરવા માટે પરવાનગી આપવા સામે કોઈને વાંધો નહીં હોવાથી, સભ્યશ્રીને પરવાનગી આપવામાં આવે છે.

અધ્યક્ષશ્રીએ વધુમાં જાહેર કર્યું કે, આ પ્રસ્તાવ ઉપરની ચર્ચા માટે બપોરના ૩.૧૫ થી સાંજના ૫.૧૫ સુધીનો સમય નિર્ધારિત કરવામાં આવે છે.

૪. શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ નિયમ-૧૧૬ અન્વયે "કચ્છ જિલ્લામાં તાવના રોગને કાબૂમાં લેવા અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રી, શ્રીમતી શાન્તાબહેન મકવાણાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૫. શ્રી કરમશીભાઈ મકવાણાએ અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી "સાયલા તાલુકાના ઓરી ગામે ખેડૂતોની વાડીએ જઈને શસ્ત્રધારીઓએ માર મારવા અને ખૂન થવા અંગે"નો મુદ્દો ઉપસ્થિત કરી ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના ગૃહ મંત્રી, શ્રી વજુભાઈ જાનીએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૬. તા. ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ શ્રી અશોક ભટ્ટે ગૃહમાં ઉપસ્થિત કરેલા ઔચિત્ય ભંગના પ્રશ્ન અંગે શ્રી કાસમબાપુ તિરમીઝીએ ખુલાસો કર્યો કે ભૂલ અને ઉતાવળને કારણે આ સ્ટેશનરીનો ઉપયોગ થઈ ગયો છે તેમાં કોઈ ઔચિત્ય ભંગ કરવાનો આશય ન હતો.

ત્યારબાદ અધ્યક્ષશ્રીએ અવલોકન કર્યું કે જે રીતે સ્ટેશનરીનો ઉપયોગ થયો છે તે વાજબી નથી. માનનીય સભ્યશ્રીઓએ તેમને આપાતી સ્ટેશનરીનો ઉપયોગ તે જે ઉદ્દેશથી આપવામાં આવે છે તે જ ઉદ્દેશ માટે કરવામાં આવે એ આ કિસ્સામાં નથી થયું તે ખોટું છે. સંબંધિત ખુલાસા પછી આ બાબતમાં હવે કાંઈ કરવાનું રહેતું નથી.

૭. (૧) ડૉ. કરશનદાસ સોનેરીએ અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી "સાબરકાંઠાના ૧૪ જેટલા નિર્દોષ ખેડૂતોને આતંકધારા નીચે પકડીને માર મારવામાં આવ્યો છે તે અંગે"નો મુદ્દો ઉપસ્થિત કરી ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મુખ્યમંત્રી (ગૃહ), શ્રી અમરસિંહ ચૌધરીએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

આ તબક્કે વિરોધપક્ષના સભ્યોએ સૂત્રોચ્ચાર કર્યા.

(૨) શ્રી કરમશીભાઈ મકવાણાએ અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી "બુધવાર તા. ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૮૯ની પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ ૩૩ના જવાબમાં ધારાસભ્યો અને મંત્રીઓ પાસેથી સરકિટ હાઉસ અને વિશ્રામગૃહના ભાડાની બાકી રહેતી રકમ અંગે ", મુદ્દો ઉપસ્થિત કરી માર્ગ અને મકાન મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માર્ગ અને મકાન મંત્રી, શ્રી નલિન પટેલે ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૮. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા—

(૧) ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૧૯૮૭-૮૮નો ૨૮મો વાર્ષિક અહેવાલ.

**મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરી.**

(૨) ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનું સન ૧૯૮૯-૯૦નું અંદાજપત્ર તથા સન ૧૯૮૫-૮૬ના વાર્ષિક હિસાબ.

**ગૃહનિર્માણ મંત્રી, શ્રી અમરસિંહજી વાઘેલા.**

(૩) ગુજરાત હાઉસીંગ બોર્ડનું સન ૧૯૮૯-૯૦નું અંદાજપત્રક.

**—ગૃહનિર્માણ મંત્રી, શ્રી અમરસિંહજી વાઘેલા.**

(૪) ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૧૯૮૫-૮૬નો વાર્ષિક અહેવાલ.

**માર્ગ અને મકાન મંત્રી, શ્રી નલિનભાઈ પટેલ.**

૯. (૧) બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ શ્રીમતી મહાશ્વેતાબહેન ચૌહાણે સમિતિનો સુડતાળીસમો અહેવાલ રજૂ કર્યો.

(૨) ગૌણ વિધાન સમિતિના પ્રમુખ, ડૉ. કરસનદાસ સોનેરીએ સમિતિનો તેરમો અહેવાલ રજૂ કર્યો.

(૩) સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિના પ્રમુખ, શ્રી ગોવિંદભાઈ જે. પટેલે સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કર્યો.

(૪) અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખ શ્રી ભીમજીભાઈ હિરાણીએ સમિતિનો સોળમો અહેવાલ રજૂ કર્યો.

૧૦. બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રીમતી મહાશ્વેતાબહેન ચૌહાણે પ્રસ્તાવ રજૂ કર્યો કે—

"આ સભાગૃહ, બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના સુડતાળીસમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકાતાં તેનો સ્વીકાર થયો.

૧૧. સરકારી વિધેયકો અને વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવ

૧ (ક) શ્રી અશોક ભટ્ટે નિયમોના નિયમ ૧૫૨(૨) અન્વયેનો પ્રસ્તાવ રજૂ કર્યો—

"આ સભાગૃહ, સન ૧૯૮૯નો વટહુકમ ક્રમાંક-૨, સન ૧૯૮૯નો ગુજરાત સિચાઈ અને ડ્રેનેજ વટહુકમ નામંજૂર કરે."

(ખ) સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૨૮, સન ૧૯૮૯નું ગુજરાત સિચાઈ અને ડ્રેનેજ વિધેયક.

જળ સંપત્તિ મંત્રી, મહંત શ્રી વિજયદાસજીએ ઉક્ત વિધેયક દાખલ કર્યું, અને વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

નિયમ ૧૫૨(૨) નો પ્રસ્તાવ અને વિધેયકના પ્રથમ વાચનના પ્રસ્તાવ પર ભેગી ચર્ચા શરૂ થઈ અને ત્રણ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો— ત્યારબાદ નિયમ ૧૫૨(૨) અન્વયેનો પ્રસ્તાવ મત માટે મૂકાતાં અને તેનો અસ્વિકાર થતાં વિધેયકનું પહેલું વાચન કરવામાં આવ્યું.

ત્યારબાદ જળસંપત્તિ મંત્રી, શ્રી મહંત વિજયદાસજીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે—

"સન ૧૯૮૯ના ગુજરાત સિચાઈ અને ડ્રેનેજ વિધેયકને ૧૨ સભ્યોની બનેલી પ્રવર સમિતિને તેનો અહેવાલ તા. ૩૦મી માર્ચ, ૧૯૯૦ પહેલાં સાદર કરવાની સૂચના સાથે સોંપવામાં આવે."

પ્રસ્તાવ મત માટે મૂકાતાં તેનો સ્વીકાર થયો.

ઉપાધ્યક્ષશ્રીએ તદનુસાર પ્રવર સમિતિની રચનાની જાહેરાત કરી અને નિયમ ૧૫૬(૧) અન્વયે જળ સંપત્તિ મંત્રીશ્રીની આ સમિતિના પ્રમુખ તરીકે નિમણૂક કરી.

૧૨. સભામોકૂફીનો પ્રસ્તાવ

વિરોધપક્ષના નેતા, શ્રી ચીમનભાઈ પટેલે "સભાગૃહનું કામકાજ હવે મુલતવી રાખવામાં આવે" તેવો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેમનાં મંતવ્યો રજૂ કર્યા બાદ બાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો—

શ્રી બરજોરજી પારડીવાળાએ તેમના પ્રવચન બાદ બનાવના સંદર્ભમાં સભાત્યાગ કર્યો.

ચર્ચાનો જવાબ મુખ્ય મંત્રીશ્રી અમરસિંહ ચૌધરી આપતા હતા તે દરમિયાન મુખ્યમંત્રીશ્રી ગૃહ ખાતાનો બચાવ કરે છે તેમ જણાવી વિરોધપક્ષના હાજર રહેલા સભ્યોએ સભાત્યાગ કર્યો.

ત્યારબાદ પ્રસ્તાવ મત ઉપર મૂકાતાં તેનો અસ્વીકાર થયો.

૧૩. રાજ્યની ચાર મેડિકલ કોલેજના હડતાળ ઉપર ઉતરેલા જુનિયર ડોક્ટરો સાથે થયેલા સમાધાન અંગે આરોગ્ય મંત્રી, શ્રી વલ્લભભાઈ પટેલે નિયમ-૪૪ હેઠળ નિવેદન કર્યું.

ગુરૂવાર, તા. ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૮૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા

